પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૫, અંક:૬૭, કુલ પાના:૪, તારીખ: ૧૧-૧૧-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 67 PRICE :-RS. 1.50 DATE : 11-11-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## દ્વારકાના ખંભાળિયા નજીકથી ૩૫૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

જામનગર,

દેવભૂમિ દ્વારકા વિસ્તારની દ્રષ્ટિએ અતિ સંવેદનશીલ માનવામાં આવતા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિશાળ દરિયાઈ વિસ્તાર આવેલો છે, અને વિવિધ સુરક્ષા એજન્સીઓની નજર આ વિસ્તાર પર સતત રહેતી હોય છે, ત્યારે અગાઉ પણ દરિયાઈ માર્ગે કેટલીય વખત અહી ડ્રગ્ઝ સહિતના માદક દ્રવ્યોની હેરફેર સામે આવી ચુકી છે. મુન્દ્રા બંદરે થોડા દિવસો પહેલા અંદાજીત રૂપિયા ૨૧ હજાર કરોડથી વધુની



કિંમતના ડ્રગ્સનો જંગી જથ્થો ઝડપાયો હતો. ટેલકમ પાવડરની આડમાં આ જથ્થો છુપાવાયો હોવાનું સામે આવ્યું હતું. મુન્દ્રા પોર્ટ પર ડાયરેક્ટર ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ૨ કન્ટેનરમાંથી ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. આ ડ્રગ્સ અંગે NIA તપાસ કરી રહી છે. ૨૧ હજાર કરોડના ડ્રગ્સ કેસ ઉપરાંત શંકાસ્પદ કન્ટેનરો અંગે પણ NIAએ તપાસ શરૂ કરી છે. DRIએ ૨૧ હજાર કરોડનો ડ્રગ્સનો જથ્થો ઝડપ્યો હતો. આ કેસમાં NIA આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફીયાઓની સંડોવણી અંગે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. આ કેસ અફઘાનિસ્તાનથી આવતા અર્ધ પ્રોસેસ્ડ ટેલ્કમ સ્ટોન્સના માલની આડમાં હેરોઈનની જપ્તી સાથે સંબંધિત છે, જે ઈરાનના અબ્બાસ બંદરેથી મુંદ્રા બંદરે પહોંચ્યું હતું. આ મામલાની શરૂઆતમાં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) દ્વારા તપાસ કરવામાં આવી હતી. બાદમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ કેસની તપાસ NIAને સોંપી હતી. દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા નજીકથી ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપાયો છે. ખંભાળિયા નજીકથી રૂપિયા ૩૫૦ કરોડનું ૬૬ કિલો ડ્રગ્સ સાથે રાજસ્થાની શખસની પોલીસે ધરપકડ કરી છે. ATS, LCB અને SOGની ટીમે સંયુક્તરીતે આ ઓપરેશન હાથ ધર્યું હતું. ગુજરાતના દરિયાઈ માર્ગ પરથી ડ્રગ્સ ઘુસાડવાનું ષડયંત્ર ચાલી રહ્યુ હોઈ તેવું સામે આવ્યું છે. પોલીસે ખંભાળિયા હાઈવે પર આરાધના ધામ પાસેથી એક શખસને ૩૫૦ કરોડની કિંમતનું ૬૬ કિલો ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. કરોડો રૂપિયાના ડ્રગ્સનો જથ્થો ઝડપવામાં દેવભૂમિ દ્વારકા પોલીસને સફળતા મળી છે. પોલીસે આ ડ્રગ્સ ક્યાંથી આવ્યું છે તેની તપાસ હાથ ધરી છે. દરિયાઈ માર્ગે ડ્રગ્સ ઘુસાડવામાં આવી રહ્યુ હોવાની પોલીસે બાતમી મળી હતી. જે આધારે દેવભૂમિ દ્વારકા પોલીસે સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધરી એક શખસને ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી લીધો છે. દેવભૂમિ દ્વારકાના SP સુનિલ જોશીએ માહિતી આપી છે. તેઓએ જણાવ્યું હતું કે, વાડીનાર નજીકથી એક આરોપીને ૧૪ થી ૧૫ કિલો દ્રગ્સ સાથે ઝડપી લેવાયો છે. જેની બજાર કિંમત રૂપિયા ૭૦ કરોડ હોવાનું એસપીએ ઉમેર્યું છે. જોકે, કુલ ૬૬ કિલો જેટલું ડ્રગ્સ પકડાયું છે. જેની કિંમત ૩૫૦ કરોડની આસપાસનું હોવાનું મનાય છે. દેવભૂમિ દ્વારકા જિલ્લો ભૂતકાળમાં દાણચોરી અને કેફી દ્રવ્યો તેમજ હથિયારોની ઘુસણખોરીનું કેન્દ્ર રહ્યો છે. ત્યારે સ્થાનિક પોલીસની જુદી- જુદી શાખાઓ સક્રિય થઈ ડ્રગ્સ કૌભાંડને ઝડપી પાડ્યું છે. દેવભૂમિ દ્વારકા એલસીબી અને એસઓજી દ્વારા આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. ખંભાળિયા નજીકથી એક રાજસ્થાની શખસને પકડી પાડવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકા એસપી સુનિલ જોશીએ આ અંગે માહિતી આપી છે. વાડીનાર નજીકથી એક આરોપીને ૧૪ થી ૧૫ કિલો દ્રગ્સ સાથે આંતરી લેવાયો છે. જેની બજાર કિંમત રૂપિયા ૭૦ કરોડ હોવાનું એસપીએ જણાવ્યું હતું.

## ગુજરાતમાં ઠંડી વચ્ચે માવઠાની આગાહી

અમદાવાદ,

અમદાવાદ સહિત રાજ્યમાં ઠંડીમાં વધારો થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હાલ ડિપ્રેશનની અસરથી રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં ગરમીનો પારો ૩૩ ડિગ્રીથી વધુ અને લઘુતમ તાપમાન ૧૬થી ૨૩ ડિગ્રી વચ્ચે નોંધાતા ડબલ સિઝન જેવો માહોલ છે. સમગ્ર રાજ્યમાં નલિયા ૧૫ ડિગ્રી સાથે સૌથી ઠંડું શહેર બન્યું હતું. ત્યારબાદ ગાંધીનગર અને વલસાડમાં ૧૬.૫, ડીસામાં ૧૬.૮, કંડલા એરપોર્ટ



ખાતે ૧૭.૪, કેશોદમાં ૧૭.૬, અમદાવાદ અને વડોદરામાં ૧૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું ત્યારે શીયાળાનો ચમકારો જોવા મળી રહ્યો છે. આ વચ્ચે માવઠાની આગાહી પણ ચિંતાજનક છે. ગુજરાતના દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં માવઠું થાય તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. રાજ્યમાં ઠંડીના ચમકારા વચ્ચે થઈ શકે છે માવઠું થવાની શક્યાતા સર્જાઈ છે. ડિપ્રેશનની અસરથી ૨૪ કલાકમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં માવઠું થવાની શક્યતા છે. ખાસ કરીને રાજ્યના દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં માવઠું થઈ શકે છે. જ્યારે ઉત્તર-મધ્ય ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ સર્જાશે.

## ૪ વર્ષમાં જનધન ખાતામાં ૪૮ ટકાનો વધારો નોંધાયો

અમદાવાદ,

ભારત હવે ફાઈનાન્સિયલ ઈક્લૂઝન મેટ્રિક્સમાં ચીનથી આગળ છે. જોકે, નોન-બ્રાન્ચ બીસી (બિઝનેસ કોરસ્પોન્ડન્ટ) મોડલને સુદઢ કરવું મહત્ત્વપૂર્ણ છે. જનધન યોજના, ડિજિટલ ઈન્ફ્રા સ્ટ્રક્ચર અને ગામે ગામ બેંક મિત્રને કારણે ભારતે ચીન, જર્મની અને દક્ષિણ આફ્રિકાને પાછળ છોડી દીધા છે. ભારત હવે પ્રતિ એક લાખ વયસ્કો પર બેંક શાખાઓની ઉપલબ્ધતા મામલામાં ચીનથી આગળ નીકળી ગયું છે. ભારતમાં હવે પ્રતિ એક લાખ વયસ્કો પર બેંક શાખાઓની સંખ્યા વધીને ૧૪.૭ થઈ ગઈ, જે ૨૦૧૫માં ૧૩.૬ હતી દેશની સૌથી મોટી બેંક ભારતીય સ્ટેટ બેંકની રિસર્ચ વિંગના નવેમ્બર ૨૦૨૧ના 'ઈકોરેપલ્લ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જે રાજ્યોમાં વધુ જનધન ખાતા ખોલવામાં આવ્યા છે ત્યાં ક્રાઈમ રેટ તથા દારૂ, તમાકુ જેવા નશીલા પદાર્થોની ખપતમાં ઘટાડો આવ્યો છે. એસબીઆઈના મુખ્ય આર્થિક સલાહકાર સૌમ્ય કાંતિ ઘોષની ટીમે તૈયાર કરેલા રિપોર્ટ મુજબ, 'પ્રધાનમંત્રી જન ધન ખાતા યોજનાના ખાતાની સંખ્યામાં વધારો અને આ ખાતાઓમાં બેલેન્સ રકમથી અપરાધમાં ઘટાડો નોંધાયો છે. આ જનધન આધાર મોબાઈલ ટ્રિનિટીના કારણે હોઈ શકે છે, જેણે સરકારી સબસિડીને સારી રીતે ખાતાધારકો સુધી પહોંચાડવામાં મદદ કરી છે અને ગ્રામ્ય વિસ્તારોમાં દારૂ અને તમાકુ પાછળનો ખર્ચ રોકવામાં મદદ કરી છે.લ્લ પણ ગુજરાતના ૨૦૧૭થી ૨૦૨૦ સુધીના ચાર વર્ષના આંકડાઓની તુલના કરીએ તો રાજ્યમાં જનધન ખાતાની સંખ્યામાં ૪૮ ટકાનો વધારો થયો છે અને તેમાં જમા રકમમાં ૭૮ ટકાનો વધારો થયો છે જેની સામે આ જ સમયગાળામાં ગુનાખોરીમાં ૧૦૯ ટકાનો વધારો નોંધાયો છે. રાજ્યમાં જનધન ખાતાઓની સંખ્યા વધી છે અને આ ખાતાઓમાં જમા રકમમાં પણ વધારો નોંધાયો છે તેની સામે ગુનાખોરી પણ ઘણી વધી છે. રાજ્યમાં ૩૦મી જૂન સુધીમાં કુલ ૧.૬૧ કરોડ જનધન ખાતાં ખૂલ્યાં છે. જેમાંથી ૧.૦૧ કરોડ ખાતા ગ્રામ્ય વિસ્તારોમાં જ્યારે ૬૦.૭૯ લાખ ખાતા શહેરી વિસ્તારોમાં છે. તમામ ખાતાઓમાં મળીને કુલ ૬૫૮૦ કરોડ રૂપિયા જમા છે. ૮૩ ટકા જનધન ખાતાઓ આધાર કાર્ડ સાથે જોડાયેલા છે. આ ખાતાઓમાંથી ૧૦.૩૪ લાખ એટલે કે ૬.૩૯ ટકા ખાતાં શૂન્ય બેલેન્સ વાળા છે. એસબીઆઈ અને બેંક ઓફ બરોડામાં જનધન ખાતામાં સૌથી વધુ રકમ જમા છે. કેન્દ્રીય નાણા મંત્રાલય મુજબ, ઓગસ્ટ ૨૦૧૪માં આ યોજના શરૂ થયા બાદથી અત્યાર સુધી ૪૩.૭૬ કરોડ જનધન ખાતાં ખોલવામાં આવી ચૂક્યા છે. મંત્રાલયના ટ્વીટ મુજબ, પ્રત્યેક વયસ્ક નાગરિકને બેંકિંગ સુવિધા આપવા માટે શરૂ કરવામાં આવેલા અભિયાનમાં ૨૧ ઓક્ટોબર ૨૦૨૧ સુધી જન-ધન ખાતાધારકોને મફત દુર્ઘટના વીમા કવર આપનાર ૩૧.૬૭ કરોડ રૂપિયા રૂપે ડેબિટ કાર્ડ ઈશ્યૂ કરવામાં આવી ચૂક્યા છે.

દાહોદ નગર પાલિકા તરફથી દાહોદના શહેરીજનોને દિપાવલીના પવિત્ર પર્વની હાર્દિક શુભકામનાઓ...

નૂતન વર્ષના નવલી સુપ્રભાતે આપનું તથા આપના પરિવારનું નૂતન વર્ષ મંગલમય, સુખમય, સમૃધ્ધી આપનારૂં તેમજ આરોગ્યપ્રદ નિવડે તેવી અંતઃકરણ પૂર્વક શુભકામનાઓ અને નવા વર્ષના ખુબ ખુબ નૂતન વર્ષાભિનંદન....

શ્રધ્ધા ભડંગ — દંડકશ્રી દાહોદ નગર પાલિકા

રાજેશભાઈ સહેતાઈ — પક્ષના નેતાશ્રી દાહોદ નગર પાલિકા

લક્ષ્મણભાઈ રાજગોર — સભાપતિશ્રી દાહોદ નગર પાલિકા

અબ્દીભાઈ ચલ્લાવાલા — ઉપપ્રમુખશ્રી દાહોદ નગર પાલિકા

રીનાબેન પંચાલ — પ્રમુખશ્રી દાહોદ નગર પાલિકા

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....



વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબના વિકાસપથ પર પંચમહાલ જીલ્લા અને કાલોલ તાલુકાના વિકાસ કાર્યો અને લોકસેવા માટે કટીબદ્ધ......

રાજપાલસિંહ જાદવ

પંચમહાલ જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને ગુજરાત આ. કારોબારી સભ્ય-ભાજપ

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....

૯૮ વર્ષથી અવિરત સેવાઓ સાથે... પંચમહાલ તેમજ ગોધરા શહેરની અગ્રગણ્ય બેંક

ધી ગોધરા સીટી કો.-ઓપ. બેંક લી. ગોધરા

તા.૩૧-૦૩-૨૦૨૧ ના પ્રગતિના આંકડા (રૂ.લાખમાં)

| | | |
|---|---|---|
| અધિકૃત શેર ભંડોળ : ૫૦૦.૦૦ | શેર ભંડોળ : ૩૪૨.૨૬ | થાપણો : ૧૦૩૬૬.૫૯ |
| કામકાજનું ભંડોળ : ૧૨૨૭૪.૦૨ | કુલ ફંડ : ૧૦૯૭.૮૨ | ધિરાણ : ૫૭૭૭.૧૯ |
| નફો : ૭૨.૪૦ | સભાસદો : ૧૭૩૪૭ | ઓડીટ વર્ગ : અ |

- સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ તથા વાતાનુકુલીત.
- રૂ. ૫,૦૦,૦૦૦/- સુધીની થાપણો થાપણવીમા યોજના હેઠળ સુરક્ષીત.
- હેડ ઓફીસ તથા પ્રભારોડ શાખામાં અદ્યતન સેઈફ ડિપોઝીટ લોકર્સની સુવિધા.
- ફ્રેન્કીંગ મશીન દ્વારા નોન જયુડીશીયલ સ્ટેમ્પની સુવિધા.
- જનરલ ઈન્સ્યુરન્સ મેળવવાની સુવિધા.
- ગ્રાહકોના ખાતાનાં વ્યવહારો માટે SMS સુવિધા.
- Miss Call : 8000704444.
- RTGS / NEFT / IMPS.
- Mobile Banking.
- પ્રભારોડ શાખામા લાઈટબિલ ભરવાની સુવિધા.
- પ્રભારોડ શાખામાં ગુજરાત ગેસબિલ ભરવાની સુવિધા.

: બોર્ડ ઓફ ડીરેકટર્સ :
કે.ટી. પરીખ-ચેરમેનશ્રી
કમલેશકુમાર જે. શાહ-મે.ડીરેકટરશ્રી
કિરણકુમાર જે. સોની
અનિલકુમાર આર. શાહ
હેમાંગકુમાર કે. સોની
અંકિતકુમાર આર. શાહ
વેદાંતકુમાર કે. પરીખ(C.A.)
અશોકકુમાર સી. શાહ
રમણભાઈ ટી. ચૌહાણ
રેશ્માબેન વિ. પરીખ
અમીષાબેન સી. શાહ

: શાખ કમીટી :
કે.ટી પરીખ-ચેરમેનશ્રી
કમલેશકુમાર જે. શાહ-મે.ડીરેકટરશ્રી
મિતુલકુમાર એ. શાહ
રાજેન્દ્રકુમાર એચ. સોની
અરૂણકુમાર એમ. પરીખ
અરવિંદકુમાર જે. શાહ
હિતેન્દ્રકુમાર જે. શાહ
જૈનેશકુમાર બી. શાહ
સુનીલકુમાર જે. શાહ

મનોજ જે. શાહ — મેનેજરશ્રી | કે.ટી પરીખ — ચેરમેનશ્રી | કમલેશકુમાર જે. શાહ — મે.ડીરેકટરશ્રી

તેમજ સમસ્ત બોર્ડ ઓફ ડીરેકટર્સ-શાખ કમીટી-કર્મચારી પરિવાર.....

હેડ ઓફીસ : સહકાર ચોક, પોલીસ ચોકી નં.-૧ પાસે, પોસ્ટ બોકસ નં.-૫૩, ગોધરા-૩૮૯૦૦૧.
ફોન : ૦૨૬૭૨-૨૪૦૦૮૩ (મેનેજર) : ૨૪૯૪૦૪, (ધિરાણ) : ૨૪૧૨૩૫, (ડીપોઝીટ) : ૨૪૦૧૮૩ (ફેકસ).
પ્રભારોડ બ્રાંચ : જકાત નાકા પાસે, પ્રભારોડ, ગોધરા. ફોન : ૨૪૦૩૦૯.
સ્ટેશન રોડ બ્રાંચ : ૨૧/૧, શ્રીજી પ્લાઝા, પહેલો માળ, સ્ટેશન રોડ, ગોધરા ફોન : ૨૪૬૭૭૭.

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....

એ. કે. મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ

ડો.બતુલ તાસિયા

M.D. (પલ્મોનોલોજીસ્ટ) મો : ૯૦૯૯૪ ૭૩૨૧૭

ફેફસા તથા ટી.બી. રોગના નિષ્ણાંત

ઓ.પી.ડી.નો સમય : બપોરે ૧ થી ૫ સાંજે ૭ થી ૯ (ઈમરજન્સી ૨૪ કલાક)

સરદાર નગર ખંડની પાસે વિશ્વકર્મા ચોક, ગોધરા-૩૮૯૦૦૧

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....

એ.કે. મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ

ડો.ખુશ્બુ પ્રજાપતિ

MS ગાયનેક (ગોલ્ડ મેડાલિસ્ટ)

પ્રસૃતિ તથા સ્ત્રીરોગના નિષ્ણાંત

સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭ । મો : ૮૮૪૯૨ ૧૩૩૪૫

સરદાર નગર ખંડની પાસે, વિશ્વકર્મા ચોક, ગોધરા

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....

સુર્યોદય હોસ્પિટલ

ICU, ICCU

ડો.નિશાંત જે. શેઠ

એમ.ડી.(મેડિસીન)એફ.સી.સી.એસ., સી.સી.ઈ.બી.ડી.એમ.

કન્સલ્ટિંગ ફીઝીશીયન, કાર્ડિયોલોજીસ્ટ, ડાયાબિટીસ સ્પેશિયાલિસ્ટ

ફોન :૦૨૬૭૨ -૨૫૨૬૩૬

દિપજયોત ચેમ્બર્સ, પહેલો માળ,

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની બાજુમાં ચર્ચાની સામે ગોધરા

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....

રિયલ એસ્ટેટ એન્ડ કન્સલ્ટિંગ કાું

જમીન, મકાન, પ્લોટ, એપાર્ટમેન્ટ, વગેરે બનાવનાર ખરીદનાર તથા વેચનાર, તૈયાર ફ્લેટ્સ તથા ઓફિસ લેવા સંપર્ક કરો.

અદનાન એ. દાહોદવાલા

મો : ૯૨૨૮૧ ૧૧૮૩૯/ ૯૪૨૬૨ ૮૬૮૫૨

આમલી ફળિયા, વ્હોરવાડ ગોધરા-૩૮૯૦૦૧

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....

ડો.તાસીયા આઈ.આઈ.

એમ.ડી.(પેડ)

બાળકો અને નવજાત શિશુના નિષ્ણાંત

માસુક ચિલ્ડ્રન હોસ્પિટલ

ડો.આયશા આઈ.તાસીયા

માસુમ ડેન્ટલ કલીનીક

નવા બજાર એમ.જી.રોડ ગોધરા-૩૮૯૦૦૧ ફોન નં : ૨૫૧૭૬૬

સમય : સવારે ૧૧ થી ૧ સુધી સાંજે ૬ થી ૮ સુધી

ફકત ઈમરજન્સી કેસ માટે મો.: ૯૯૦૪૭ ૧૭૪૬૬

કડીયાવાડ ચોક, ગોધરા

Happy New Year

NOORANI POLYCLINIC

Dr.Anwar I. Kachba

M.D.(Hom)

(Consultant Homeopath)

Cell : 98981 91588

Prof& Head of the dep't Forensic Medicine

S.S.H. Medical College , Godhra

Email-anwar_kachba@yahoo.com

Nr. Noorani Masjid M, Azad road Godhra - 389001

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....

લક્ષ્મી પ્રસુતિગૃહ અને નર્સિંગ હોમ

( વંધ્યત્વ-સોનોગ્રાફી-એન્ડોસ્કોપી)

મો.:૯૮૨૫૧ ૯૭૦૨૯

ડો. મહેન્દ્ર આર. તિવારી (M.D., D.G.O.)

ડો. મહેન્દ્ર આર. તિવારી (M.D.D.A.)

-: કાલોલ :-

લાલ દરવાજા પાસે કાલોલ, જી.પંચમહાલ

ફોન :૦૨૬૭૬-૨૩૭૮૩૫ । સમયઃ સવારે ૧૧ થી ૫ સાંજે

-: વડોદરા :-

બી/૧૫, સંગમ સોસાયટી, સંગમ બસ, સ્ટેન્ડ પાછળ વડોદરા

ફોન : ૨૪૬૫૫૧૦ । સમય : સવારે ૧૦ થી ૧ સાંજે ૬ થી ૮

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....

બુરહાની મેટરનિટી હોમ

ડો.અબીઝર વાય. કાલોલવાલા — MBDGO

ડો.ફરીદા એ. કાલોલવાલા — BHMS

(M) 98253 17124 / (H) 250384

સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦

પહેલા માળે, ગુરૂકૃપા, કોમ્પલેક્ષ, એચ.ડી.એફ.સી.બેંકની બાજુમાં, એલ.આઈ.સી.રોડ ગોધરા-૩૮૯૦૦૧

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# રાજયમાં ૩૬ કલાક સુધી ૧૫ લાખથી વધુ રીક્ષાઓ થંભી જશે



અમદાવાદ,
અમદાવાદ રીક્ષા ચાલક એકતા યુનિયનના પ્રમુખ વિજય મકવાણાએ જણાવ્યું કે રાજય સરકારે ભાડા ઉપરાંત અન્ય પ્રશ્નો બાબતે માત્ર તેમના માનીતા એટલે કે ભાજપના હોદ્દેદાર હોય અને રિક્ષાચાલક પ્રતિનિધિ હોય તેમને બોલાવીને ભાડા વધારા મામલે નિર્ણય લીધો છે. જે માન્ય નથી. જેથી આગામી ૧૫-૧૬ ઓક્ટોબરની હડતાળ યથાવત રહેશે. રિક્ષા ચાલકોના પ્રશ્નો બાબતે વિશ્વાસમાં લેવામાં નથી આવ્યા, માત્ર બે-ત્રણ લોકોને બોલાવીને ભાડા વધારા અંગે જાહેરાત કરી દેવામાં આવી છે.જ અલગ-અલગ રિક્ષાચાલક સંગઠનોએ પોતાની માંગ અને પ્રશ્નોને લઈને CNG ભાવ વધારા વિરોધ સમિતિ બનાવી હતી. જેથી જે પ્રતિનિધિઓ રાજ્ય સરકારને મળવા ગયા હતા, જેમાં ખોખરા વિસ્તારના રીક્ષા ચાલકોનો સમાવેશ થાય છે, જેઓ આ લડત માટે બનાવેલ સમિતિનો ભાગ ન હતા, તેઓ પણ દાવો અન્ય રિક્ષા ચાલકો તરફથી કરવામાં આવી રહ્યો છે. જેને લઈ હવે રીક્ષા ચાલકોના આંદોલનમાં બે ફાંટા પડતા દેખાઈ રહ્યા છે. સીએનજીના ભાવ વધારાને લઈને રીક્ષાચાલકો પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે. ત્યારે આજે ફરી એકવાર અમદાવાદ સહિત રાજયના અલગ અલગ જિલ્લાઓમાંથી રીક્ષા ચાલક યુનિયનના પ્રતિનિધિઓ તથા ટેક્સી ચાલક પ્રતિનિધિઓ બેઠક યોજવાના છે. અમદાવાદ ખાતે યોજાનાર આ બેઠકમાં હવે ટેક્સી ચાલકો પણ રિક્ષા ચાલકોના આંદોલનમાં સામેલ થયા છે. આ બેઠકમાં આવનાર દિવસોમાં CNGના ભાવ વધારા સામે કેવી રીતે લડત આપવી તે અંગે ચર્ચા કરવામાં આવશે અગાઉ રિક્ષાચાલકો આગામી ૧૫મી અને ૧૬મી નવેમ્બરે રાજય વ્યાપી હડતાળનું એલાન કરી ચૂક્યા છે. પેટ્રોલ-ડીઝલ બાદ હવે CNGનો પણ ભાવ વધારો લોકોની કમર ભાંગી રહ્યો છે. CNG ના ભાવ વધારા સામે હવે ગુજરાતના રીક્ષા ચાલકો લડી લેવાના મૂડમાં આવી ગયા છે. ૧૫ અને ૧૬ નવેમ્બરે ગુજરાતના રીક્ષા ચાલકો ૩૬ કલાકની હડતાળ પર ઉતરશે. રાજ્યભરમાં રીક્ષાચાલકો CNG ના ભાવવધારના વિરોધમાં ૧૪ તારીખે કાળીપટ્ટી બાંધી વિરોધ નોંધાવશે. ૧૫ અને ૧૬ તારીખે રાજયભરના રીક્ષા ચાલકો ૩૬ કલાકની હડતાળ કરશે. રાજયભરમાં ૧૫ લાખ રીક્ષાના પૈડા થંભી જવાનો રિક્ષા ચાલક સમિતિએ દાવો કર્યો છે. આવતીકાલે રાજયભરના જુદા જુદા રીક્ષાચાલક યુનિયનોની બેઠક મળશે. તો ૧૨ તારીખે રીક્ષા ચાલક યુનિયન રાજ્યપાલને આવેદન પત્ર આપી રજૂઆત કરશે. ત્યારે બાદ ૧૪ નવેમ્બરે કાળી પટ્ટી બાંધી રિક્ષાચાલકો વિરોધ નોંધાવશે. CNGના ભાવમાં ઘટાડો કરવા સહિત આર્થિક સહાય આપી રીક્ષા ભાડું વધારવાની માંગ કરી છે. થોડા દિવસ પહેલા મંત્રી પૂર્ણેશ મોદી સાથે બેઠક યોજાયી હતી. જેમાં બેથી ત્રણ વ્યક્તને બોલાવી ભાવ વધારો મંજૂર કરવામાં આવ્યો હોવાના આક્ષેપ કર્યા છે. જેથી હવે ૧૮ રૂપિયાથી વધારી મિનિમમ ભાડું ૨૦ રૂપિયા કરવાની માંગ કરવામાં આવી રહી છે. સાથે પેટ્રોલ-ડીઝલમાં વેટનો ઘટાડો કર્યો તેવી જ રીતે CNG ના ભાવમાં પણ વેટ ઘટાડી રાહત આપવાની માંગ રીક્ષા ચાલકોએ કરી છે.

## વડોદરામાં પ્રથમ ડોઝ લેનારની સંખ્યા ૯૯.૦૪ ટકા પહોંચી

વડોદરા,
વડોદરા શહેરમાં ડેન્ગ્યૂ અને ચિકનગુનિયામાં કેસમાં ઘટાડો નોંધાયો છે. મંગળવારે ડેન્ગ્યૂના ૭ કેસ અને ચિકનગુનિયાના ૯ કેસ નોંધાયા છે. જ્યારે કમળાના ૪ કેસ સામે આવતાં તંત્ર દોડતું થયું છે. હાલમાં ડેન્ગ્યૂના કુલ કેસ ૨૨૩૬ થયા છે, જ્યારે ચિકનગુનિયાના કુલ કેસ ૧૩૨૪૫૨ પહોંચ્યા છે. શહેરના રામદેવનગર અને સવાદ વિસ્તારમાં કમળાના ૪ કેસ સામે આવતાં તંત્ર દોડતું થયું છે. પાલિકાની ટીમોએ કરેલા સર્વેમાં ૩૭ લોકોને ઝાડા-ઊલટી હોવાનું નોંધાયું છે. જ્યારે ૫૨૯ લોકોને તાવ હોવાની ફરિયાદ સામે આવી છે. પાલિકાની વિવિધ ટીમોએ ૧૩ કન્સ્ટ્રક્શન સાઈટ અને ૨ હોસ્ટેલમાં ચેકિંગ કર્યું હતું. વડોદરા શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના ૭૨,૧૮૭ પોઝિટિવ કેસ નોંધાયા છે. જે પૈકી પૂર્વ ઝોનમાં ૯૬૮૪ પશ્ચિમ ઝોનમાં ૧૨,૦૨૭, ઉત્તર ઝોનમાં ૧૧,૮૨૯, દક્ષિણ ઝોનમાં ૧૧,૮૩૫, વડોદરા ગ્રામ્યમાં ૨૬,૭૭૬ અને ૩૬ કેસ બહારના શહેર અને રાજ્યોના નોંધાયા છેવડોદરા મહાનગરપાલિકાએ જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે, વડોદરા શહેર અને જિલ્લામાં કોરોનાના પોઝિટિવ કેસનો કુલ આંક ૭૨,૧૮૭ ઉપર પહોંચી ગયો છે. વડોદરા જિલ્લામાં સત્તાવાર મૃત્યુઆંક ૬૨૩ ઉપર સ્થિર રહ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૭૧,૫૦૨ લોકો કોરોનાને માત આપી ચૂક્યા છે. વડોદરા શહેર-જિલ્લામાં ૧૪ દિવસ બાદ મંગળવારે કોરોનાના માત્ર નવા ૨ કેસ આવ્યા હતા. વડોદરામાં છેલ્લાં બે અઠવાડિયાંથી રોજના ૬ની સરેરાશથી કેસો આવતા હતા, તેમાં અચાનક બ્રેક લાગી ગઈ હતી. વડોદરા શહેરના ઉત્તર ઝોનના ફતેપુરા અને દક્ષિણ ઝોનના માંજલપુરમાં કોરોનાનો એક-એક કેસ નોંધાયો હતો. દિવાળી દરમિયાનની ભીડને લીધે કેસો વધશે તેવી આશંકા હતી પણ માત્ર બે કેસ જ આવ્યા છે. જોકે ૨૬૦૦થી વધુ નમૂનાઓનું ટેસ્ટિંગ થયું હતું. બીજી તરફ વેન્ટિલેટર પરના દર્દીઓની સંખ્યા વધીને ૪ પર પહોંચી છે. ગત અઢી મહિના બાદ એક સાથે ૪-૪ દર્દીઓ વેન્ટિલેટર પર સારવાર લઇ રહ્યા છે. એક્ટિવ દર્દીઓની સંખ્યા ૫૭ અને ક્વોરન્ટાઇન લોકો ૫૧ નોંધાયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં મ્યુકોરમાઇકોસિસનો એક પણ નવો કેસ નોંધાયો ન હતો. વડોદરા શહેરમાં ચાલી રહેલા કોરોના અંગેના રસીકરણમાં પ્રથમ ડોઝ લેનારની સંખ્યા ૯૯.૦૪% એ પહોંચી છે. ૧૦૦ ટકાનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે રાજ્ય સરકારે આપેલા ટાર્ગેટ મુજબ ૧૪,૪૮૫ લોકો બાકી છે. આ સાથે વડોદરા શહેરમાં મંગળવારે ૧૮,૧૩૬ લોકોએ રસી મુકાવી હોવાનો આંકડો કોર્પોરેશનના આરોગ્ય વિભાગે જાહેર કર્યો હતો. રાજ્ય સરકારે દિવાળી સુધીમાં ૧૦૦ ટકા રસીકરણ પ્રથમ ડોઝ માટેનું પૂર્ણ થાય તે માટે સૂચન કર્યું હતું આ સાથે બીજા દિવસની પણ માત્રા વધે અને બેકલોગ ઓછો થાય તે માટે પણ આદેશો જારી કર્યા હતા જેને પગલે બીજા ડોઝ માટે પણ શહેરમાં કુલ વસ્તીના ૭૮.૦૪% લોકોએ રસી મુકાવી છે. મંગળવારે થયેલા રસીકરણ મુજબ પ્રથમ ડોઝ લેનારની સંખ્યા ૪૭૮૫ નોંધાઈ હતી જ્યારે બીજો ડોઝ લેનાર ૧૩૩૭૯ નોંધાયા હતા. આગામી એક-બે દિવસમાં શહેરમાં સો ટકા લોકો પ્રથમ ડોઝ લેનાર થઈ જશે તેવી શક્યતાઓ આરોગ્ય વિભાગે વ્યક્ત કરી હતી.

## પાદરાના ૫ ગામ વેક્સિનેશનમાં પાછળ રહ્યા

વડોદરા,
વડોદરા જિલ્લાના ૬૬૨ ગામો પૈકી ૬૫૭ ગામોમાં રસી લેવાને પાત્ર તમામ લોકોએ રસી લઈ લેતાં,પહેલા ડોઝનું ૧૦૦ ટકા રસીકરણ થઈ ગયું છે. ફક્ત પાદરા તાલુકાના ૫ ગામોમાં જ પહેલા ડોઝનું રસીકરણ બાકી છે. આ પૈકી ૧-૧ ગામોમાં ૯૦થી ૯૯ ટકા અને ૩ ગામોમાં ૮૦થી ૯૦ ટકા રસીકરણ પહેલા ડોઝનું થયું છે. ગ્રામ પંચાયતો વાર જોઈએ તો વડોદરા જિલ્લામાં કુલ ૫૩૬ ગ્રામ પંચાયતો છે.આ પૈકી ૫૩૧ ગામોમાં પહેલા ડોઝનું ૧૦૦ ટકા રસીકરણ પૂરું થયું છે. ફક્ત પાદરા તાલુકાની ૫ ગ્રામ પંચાયતોના વિસ્તારને બાદ કરતાં તમામ તાલુકાઓની તમામ ગ્રામ પંચાયતોમાં લાયક તમામ લોકોએ પહેલા ડોઝની રસી લઈ લીધી છે. પાદરા તાલુકાના ભોજ, નરસિંહપૂરા, આંતી, ભદારા અને ભદારી ગામોમાં પહેલા ડોઝનું રસીકરણ ૭૯થી ૯૦ ટકા વચ્ચે થયું છે. આ ગામોના બાકી લોકો સમજદારી દાખવી સત્વરે રસી મૂકાવી લે તેવો અનુરોધ તેમણે કર્યો છેવડોદરા જિલ્લાના ગ્રામ વિસ્તારમાં આરોગ્ય તંત્રના પરિશ્રમ અને લોક જાગૃતિના કારણે કોરોના રસીના પહેલા ડોઝનું રસીકરણ લગભગ ૧૦૦ ટકાની નજીક પહોંચી ગયું છે. પહેલો અથવા બંને ડોઝ લઈ લીધાં હોય એવા લોકોની સંખ્યા ૧૮.૫૦ લાખ અને બંને ડોઝથી રસી રક્ષિત થયાં હોય એવા લોકોની સંખ્યા ૭.૬૦ લાખથી ઉપર પહોંચી છે. જોકે, પાદરા તાલુકાના ૫ ગામો અને ડભોઈ તથા પાદરા શહેરી આરોગ્ય કેન્દ્રો હેઠળના વિસ્તારો પહેલા ડોઝના રસીકરણમાં સૌથી પાછળ રહેતા જિલ્લાની સિદ્ધિ ઝંખવાઈ છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.સુરેન્દ્ર જૈને જણાવ્યું હતું કે, વડોદરા જિલ્લામાં બહુધા રસીકરણમાં સમજદારીનો પ્રોત્સાહક લોક અભિગમ જોવા મળ્યો છે. સરપંચો, લોક પ્રતિનિધિઓ, ધર્મગુરુઓ અને જ્ઞાતિઓના આગેવાનોના સહયોગ અને સમજાવટથી રસીકરણની સાર્વત્રિક જાગૃતિ કેળવાઈ છે. તેમ છતાં, આ વિસ્તારોમાં કેટલાક લોકો તમામ પ્રકારની અને તમામ લોકોની સમજાવટ છતાં હજુ તો પહેલા ડોઝની રસી લેવામાં પણ ઉદાસીનતા દાખવી રહ્યાં છે.તેના લીધે પહેલા ડોઝના ૧૦૦ ટકા રસીકરણની સિદ્ધિ વેત છેટી રહેવા પામી છે.

## નડિયાદ જિલ્લામાં મતદારયાદિ સુધારણા ઝુંબેશ શરૂ કરાઈ

નડિયાદ,
ભારતના ચૂંટણીપંચ દ્વારા પહેલી જાન્યુઆરી ૨૦૨૨ના સંદર્ભમાં મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. આ મતદારયાદી સુધારણા કાર્યક્રમ પહેલી નવેમ્બર ૨૦૨૧થી શરૂ કરી ૩૦ નવેમ્બર સુધી ચાલશે. આ મતદારયાદી સુધારણા કાર્યક્રમમાં મતદારો મતદારયાદીમાં તેમનું નામ નોંધાવી શકે છે, નામ-અટક કે અન્ય વિગતમાં સુધારા-વધારા કરાવી શકે છે અને નામ કમી કરાવવું હોય તો નામ કમી કરાવી શકે છે. મતદારયાદીને લગતા તમામ અરજી ફોર્મ કલેક્ટર કચેરી, નડિયાદ તેમજ સંબંધિત પ્રાંત કચેરી, સંબંધિત મામલતદાર કચેરી ખાતેથી વિનામૂલ્યે મેળવી શકાશે. આ ઉપરાંત આ ખાસ ઝુંબેશના દિવસોએ બુથ લેવલ ઓફિસર પાસેથી પણ અરજી ફોર્મ મેળવીને અરજી ફોર્મમાં વિગતો ભરીને જરૂરી પુરાવા સાથે તેમને સુપર્ત કરી શકાશે. ચાલુ માસમાં ૧૪ નવેમ્બરને રવિવાર, ૨૧ નવેમ્બરને રવિવાર, ૨૭ નવેમ્બરને શનિવાર અને ૨૮ નવેમ્બર રવિવારના રોજ ખાસ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે. આ દિવસે સવારે ૧૦થી સાંજના ૫ કલાક દરમિયાન તમારા વિસ્તારના મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફિસર મારફતે આ અરજી ફોર્મ મેળવી શકાશે. તેમજ ભરેલી અરજીઓ તે જ સ્થળોએ ઉપરોક્ત દિવસોએ પરત આપી શકાશે તેવું આયોજન જીલ્લા ચૂંટણી શાખાએ કર્યુ છે. વધુ જાણકારી મેળવવા માટે કલેક્ટર કચેરી નડિયાદ ખાતે કચેરી સમય દરમિયાન ડિસ્ટ્રીક્ટ કંટ્રોલ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે, જ્યાંથી માહિતી મેળવી શકાશેઆગામી વિવિધ તબક્કાઓની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણીપંચે મતદાતાઓ માટે મતદારયાદી સુધારણા કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. નવેમ્બર માસ દરમિયાન આ ઝૂંબેશ ખાસ શરૂ કરાઈ છે.

## વડોદરામાં હોસ્પિટલોની લુંટની કુલ ૪૯૧ ફરિયાદથી હાહાકાર મચ્યો

વડોદરા,
કોરોનામાં વધુ બિલ લીધાની ફરિયાદોમાંથી ૨૩ ફરિયાદો તો સ્ટર્લિંગ હોસ્પિટલ સામે જ થઈ હતી. આ ઉપરાંત આ હોસ્પિટલના સત્તાધીશો સામે દર્દીઓ પાસેથી વધુ રૂપિયા ખંખેર્યા હોય તેવી વધુ ૨૧ ફરિયાદો તો પેન્ડિંગ છે. પાલિકાએ આ હોસ્પિટલ પાસેથી જ રૂપિયા ૪ લાખ ૩૯ હજાર ૨૭૨ રૂપિયાની માતબર રકમ દર્દીઓના સગાઓને અપાવી હતી. દર્દીને વધુ વસૂલેલા રૂપિયા પરત અપાવ્યા હોય તેવી હોસ્પિટલોમાં સ્ટર્લિંગ, બેંકર્સ હાર્ટ, ગુજરાત કિડની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ, સવિતા હોસ્પિટલ, સ્પંદન, પ્રાણાયામ અને સ્વાસ્થ્ય હોસ્પિટલનો સમાવેશ થાય છે. અત્યાર સુધી કોર્પોરેશનની કાર્યવાહીમાં ૨૬૫ ફરિયાદોમાંથી ૫૯ ફરિયાદો પેન્ડિંગ છે.વડોદરામાં કોરોનાની બીજી લહેર દરમિયાન દર્દીઓને લૂંટનારી હોસ્પિટલો સામે થતી ફરિયાદો વધતી જઈ રહી છે. ફક્ત સ્ટર્લિંગ હોસ્પિટલ સામે જ ૩૫ ફરિયાદો નોંધાઈ ચૂકી છે. કોરોનાની સારવારમાં દર્દીના પરિવારજનો પાસેથી નિયમ કરતા વધુ નાણા ખંખેર્યાની શહેરની વિવિધ હોસ્પિટલો સામે છેલ્લા ૧૪ દિવસમાં જ ૬૦થી વધુ ફરિયાદો તંત્ર સમક્ષ થઈ છે. આ સાથે કુલ ફરિયાદોનો આંક ૪૯૧ પર પહોંચી ગયો છે. કઈ કઈ હોસ્પિટલો સામે ફરિયાદ થઈ છે તેની માહિતી આપવાનો કોર્પોરેશને ઈન્કાર કરી દીધો છે. પૂર્વ પ્રધાન યોગેશ પટેલે ગત ૨૪ ઓક્ટોબરે કરેલા નિવેદન અને સ્ટર્લિંગના તબીબ ડૉ.સોનિયા દલાલે દર્દીઓ પાસેથી વધુ નાણા ખંખેર્યા હોવાના સ્ફોટક ખુલાસા કર્યા બાદ રોજની સરેરાશ ૪ ફરિયાદો નોંધાઈ રહી છે. અત્યાર સુધી આવેલી ફરિયાદોમાંથી ૨૬૫ કિસ્સામાં હોસ્પિટલોએ પાલિકાના દબાણથી પરિવારજનોને રૂપિયા ૭૫.૧૦ લાખ રૂપિયા પરત કર્યા છે.

## પર્યાવરણની સાથે દેશની સુરક્ષા પણ જરૂરી : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી,
ચારધામ પ્રોજેક્ટનો ઉદેશ્ય તમામ મોસમમાં પહાડી રાજ્યના ચાર પવિત્ર સ્થળો યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથને જોડવાનો છે. આ પ્રોજેક્ટ પુરો થઈ ગયા પછી દરેક મોસમમાં ચાર ધામની યાત્રા થઈ શકશે. આ પ્રોજેક્ટ અંતર્ગત ૯૦૦ કિલોમીટર લાંબા રોડનું નિર્માણ થઈ રહ્યું છે. અત્યાર સુધી ૪૦૦ કિમી રસ્તાને પહોળો કરવામાં આવ્યો છે. ભૂસ્ખલનના ખતરાને જોતા કોર્ટે ૨૬ સભ્યોની કમિટીની રચના કરી હતી. તેમને સેનાની માંગ પર વિચાર કરવા માટે કહેવામાં આવ્યું હતું. કમિટીએ ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ પોતાનો રિપોર્ટ આપ્યો. તેમાં કેન્દ્ર અને સેનાની ઈચ્છા મુજબ ચાર ધામ પરિયોજનાના રસ્તાઓ માટે ૭ મીટરની ડબલ-લેન કેરિજવે પહોંળાઈની મંજૂરી આપવામાં આવી હતી. જોકે કમિટીના અધ્યક્ષ રવિ ચોપડા સહિત પેનલના ચાર સભ્યોએ રસ્તાઓ પહોંળા કરવા મામલે અસહમતિ વ્યક્ત કરી હતી. તેમણે ૫.૫ મીટરની પહોંળાઈ બાબતે કોઈ ફેરફાર ન કરવાની ભલામણ કરી હતીઉત્તરાખંડમાં ચાર ધામ યાત્રા સાથે જોડાયેલા ત્રણ રસ્તાઓની પહોંળાઈ વધારવાને સુપ્રીમ કોર્ટે દેશની સુરક્ષાની રીતે મહત્ત્વની વાત માની છે. પ્રોજેક્ટની વિરુદ્ધ એક દ્રર્ટની અરજી પર સુનાવણી કરતા કોર્ટે કહ્યું કે દેશની સુરક્ષા પહેલી પ્રાથમિકતા છે. હાલમાં સીમા પર થયેલી ઘટનાને જોતા આ વાતની અવગણના ન કરી શકાય. કોર્ટે કહ્યું કે અમે ઈચ્છતા નથી કે ભારતીય સૈનિક ૧૯૬૨ની સ્થિતિમાં હોય, જોકે રક્ષા અને પર્યાવરણ બંનેની જરૂરિયાત સંતુલિત હોવી જોઈએ. કેન્દ્રએ ચીન સીમા સુધીના રસ્તાઓને ૧૦ મીટર પહોંળા કરવા માટે સુપ્રીમ કોર્ટમાંતી મંજૂરી માંગી છે. જ્યારે એક દ્રર્ટ રસ્તાને પહોળો કરવાની વિરુદ્ધ છે. તેમનું કહેવું છે કે પહાડી વિસ્તારમાં ઝાડની કાપણી થવાથી ભૂસખ્લનની ઘટનાઓ વધી રહી છે. હાલ સુપ્રીમ કોર્ટના સપ્ટેમ્બર ૨૦૨૦ના આદેશ મુજબ આ રસ્તાઓની પહોંળાઈ ૫.૫ મીટરથી વધુ ન હોઈ શકે. કેન્દ્રએ બે દિવસ પહેલા કોર્ટમાં એક સીલબંધ કવર ફાઈલ કર્યુ હતુ. તેમાં ચીન તરફથી કરવામાં આવેલા કન્સ્ટ્રક્શનની તસ્વીરો હતી. સરકાર તરફથી અર્ટોની જનરલ કેકે વેણુગોપાલે કહ્યું કે ચીન તરફથી હવાઈ પટ્ટી, હેલીપેડ, ટેંક્સ, સૈનિકો માટે બિલ્ડિંગ્સ અને રેલવે લાઈનોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ટેંક, રોકેટ લોન્ચર અને તોપ લઈ જતી ટ્રકોએ આ રસ્તાઓ પરથી પસાર થવું પડી શકે છે. આ કારણે રસ્તાની પહોળાઈ ૧૦ મીટર હોવી જોઈએ. દ્રર્ટ તરફથી રજૂ થયેલા વરિષ્ઠ વકીલ કોલિન ગોંજાલ્વિસે તર્ક આપ્યો કે રસ્તાનો વાસ્તવિક ઉદેશ્ય તીર્થયાત્રા છે. સૈન્ય ઉપકરણોની અવર-જવર નહિ. આ રસ્તાઓ સીમાથી ૧૦૦ કિમી દૂર છે અને તેને સીમા સાથે કોઈ લેવાદેવા નથી. હિમાલયન રેન્જની પહાડી નવી અને નાજુક છે. ૫.૫ મીટર પહોંળાઈનો નિયમ હટવાથી ઈકોસિસ્ટમ પર ખરાબ અસર પડશે.

## તામિલનાડુમાં ભારે વરસાદના કારણે ૭ રાજ્યોને એલર્ટ કરાયા



ચેન્નઈ,
મહારાષ્ટ્રની રાજધાની મુંબઈની સાથે અન્ય ઉપનગરોમાં શુક્રવારે હળવો વરસાદ થવાની આગાહી કરી હતી. અરબ સાગર ઉપર લોઅર પ્રેશરના કારણે મહારાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ થયો હતો, જે આગામી ૨૪ કલાકમાં ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધશે. ત્યાર પછી ડિપ્રેશન ભારતના પશ્ચિમી કિનારાથી દૂર જતું રહેશે. સ્કાયમેટ મુજબ પૂર્વીય મધ્ય અરબ સાગરની ઉપર બનેલા ડિપ્રેશનથી પશ્ચિમ ઉત્તર-પશ્ચિમ દિશામાં વધી રહ્યું છે અને સંબંધિત ચક્રવાતી પરિસંચરણ સરેરાશ સમુદ્ર સપાટીથી ૫.૮ કિ.મી. ઉપર સુધી ફેલાયેલું છે. ડિપ્રેશન સાથે સંકળાયેલા ચક્રવાતી પરિસંચરણથી એક ટ્રફ રેખા દક્ષિણ ગુજરાતના કિનારા સુધી ઉત્તર-પૂર્વ અરબ સાગર સુધી ફેલાઈ છે. ચક્રવાતી હવાઓનું ક્ષેત્ર તામિલનાડુના ઉત્તારીય દરિયા કિનારા અને આંધ્ર પ્રદેશના દક્ષિણી દરિયા કિનારા પર બનેલું છે. દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી અને દક્ષિણ અંદામાન સાગરમાં ચક્રવાતી હવાઓનું ક્ષેત્ર બનેલું છે. તેની અસર હેઠળ મંગળવારે તામિલનાડુમાં ભારે વરસાદ ખાબક્યો હતો.ચેન્નઈમાં મુશળધાર વરસાદના કારણે સ્થિતિ સતત કથળી રહી છે અને વરસાદ સંબંધિત ઘટનાોમાં પાંચ લોકોનાં મોત નીપજ્યાં છે. દક્ષિણના આ રાજ્યોમાં છેલ્લા બે દિવસથી સતત ભારે વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. બીજીબાજુ હવામાન વિભાગે સાત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે યલો એલર્ટ જારી કરતાં કહ્યું છે કે આ રાજ્યોમાં ૧૧મી નવેમ્બર સુધી ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગ મુજબ પૂર્વોત્તાર ચોમાસાના કારણે ૯થી ૧૨ નવેમ્બર સુધી આંધ્ર પ્રદેશ અને તામિલનાડુના દરિયા કિનારાના ક્ષેત્રોમાં ભારે વરસાદની સંભાવના છે. તામિલનાડુના મદુરાઈ જિલ્લામાં ભારે વરસાદના કારણે સ્કૂલ અને કોલેજ બંધ થઈ ગયા છે. ભારે વરસાદને પગલે તંત્રે એલર્ટ જાહેર કરી છે. મદુરાઈમાં એનડીઆરએફની બે ટીમ તૈનાત કરાઈ છે. વધુમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી એમકે સ્ટાલિન સાથે વાત કરી હતી અને કેન્દ્ર સરકારની શક્ય તમામ મદદ કરવાની ખાતરી આપી હતી. દરમિયાન હવામાન વિભાગે તામિલનાડુ અને આંધ્ર પ્રદેશની સાથે મહારાષ્ટ્રના દરિયા કિનારાના વિસ્તારો, પુડુચેરી, કેરળ, કર્ણાટકમાં પણ ૧૧મી નવેમ્બર સુધીમાં ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે સમુદ્ર કિનારાના વિસ્તારોમાં માછીમારોને સમુદ્રમાં અંદર સુધી ન જવાની સલાહ આપી છે. ઉત્તર ભારતના મોટાભાગના રાજ્યોમાં ઠંડીના આગમન છતાં હવામાન વિભાગે મહારાષ્ટ્રના બે જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરી છે.

## યુપીના ૯ રેલ્વે સ્ટેશનને બોમ્બ વડે ઉડાવવાની ધમકી



નવી દિલ્હી,
મેરઠ સિટી રેલવે સ્ટેશન અધીક્ષકના નામથી મોકલવામાં આવેલા પત્રમાં લખ્યું હતું કે, હું મારા જિહાદીઓના મૃત્યુનો બદલો જરૂરથી લઈશ. ખુદા મને માફ કરી દેજો, અમે હિંદુસ્તાનને તબાહ કરી દઈશું. ૨૬ નવેમ્બરના રોજ ગાઝિયાબાદ, હાપુડ, મેરઠ, મુઝફ્ફરનગર, અલીગઢ, ખુર્જા, કાનપુર, લખનૌ, શાહજહાપુર સહિત અનેક રેલવે સ્ટેશન્સને બોમ્બ વડે ઉડાવી દેવામાં આવશે. વધુમાં ૬ ડિસેમ્બરના રોજ અયોધ્યાના હનુમાનગઢી, રામજન્મભૂમિ, ઈલાહાબાદ, ગાઝિયાબાદ, મેરઠ, મુઝફ્ફરનગર અને સહારનપુર સહિત યુપીના અનેક મંદિરોને બોમ્બ વડે ઉડાવી દેવામાં આવશે. જોકે આ પહેલા પણ રેલવે સ્ટેશન પર ૩ ધમકીભર્યા પત્રો આવેલા છે. ઉત્તર પ્રદેશના મેરઠ ખાતે સિટી રેલવે સ્ટેશન પર મંગળવારે બપોરે ૩:૩૦ કલાકે પોસ્ટ દ્વારા ધમકીભર્યો પત્ર પહોંચ્યો હતો. આ પત્રમાં મેરઠ સહિત અનેક જિલ્લાઓમાં રેલવે સ્ટેશન્સને ૨૬ નવેમ્બરના રોજ અને ૬ ડિસેમ્બરના રોજ ધાર્મિક સ્થળોને બોમ્બ વડે ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. ધમકીભર્યા પત્રના અનુસંધાને જીઆરપી દ્વારા રેલવે સ્ટેશન પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

## અમદાવાદ સિવિલમાં મચ્છર અને પાણીજન્ય રોગચાળો વધ્યો

અમદાવાદ,
શહેરમાં શિયાળાના આગમન સાથે જ શરદી-ઉધરના કેસ વધ્યા છે. ખાનગી દવાખાનાઓમાં દર્દીઓની લાઈન લાગી છે. તો બીજી તરફ ઝાડા-ઉલટીના ૫૭ ટાઈફોઈડના ૪૯, કમળાના ૨૩ જેટલા કેસ નોંધાયા છે. શિયાળામાં મચ્છરોનો ઉપદ્રવ વધતા ડેન્ગ્યૂના કેસમાં હજી વધારો થવાની નિષ્ણાંતોએ ચિંતા વ્યક્ત કરી છે. તો બાળકો અને વૃદ્ધોને ડેન્ગ્યૂથી બચવા ખાસ સાવચેતી રાખવાની પણ તબીબો સલાહ આપી રહ્યાં છે. તો ચાલો તમને જણાવી દઈએ કે આ રોગોથી બચવા તમે શું શું કરી શકો છો. અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં ૬૮ દિવસમાં ડેન્ગ્યૂના ૬૮૦ દર્દી નોંધાયા છે. તો અસારવા સિવિલ હોસ્પિટલમાં ચિકનગુનિયાના ૨૯૯ કેસ સામે આવ્યા. અમદાવાદના વિવિધ મ્યુનિસિપલ અર્બન હેલ્થ સેન્ટરોમાં છ દિવસમાં જ ૪ હજાર જેટલા લોકોના બ્લડ ટેસ્ટ કરવામાં આવ્યા છે. તો સંખ્યાબંધ વિસ્તારોમાં ખાનગી હોસ્પિટલમાં ડેન્ગ્યૂના અનેક દર્દીઓ સારવાર હેઠળ છે. આમ છતાં આરોગ્ય વિભાગ અને તંત્ર સબ સલામતના દાવા કરી રહ્યું છે.

# દે.બારીઆ ભે દરવાજા પાસે સ્ટેટ મોનીટરીંગ સેલ પાંચ વાહનો માંથી ૨૨.૨૭ લાખનો દારૂ ઝડપ્યો



દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરના ભે દરવાજા ખાતેથી ગાંધીનગરની સ્ટેટ મોનીટરસીંગ સેલની ટીમે ચાર કુઝર ફોર વ્હીલર ગાડી અને એક સ્કોર્પીયો ફોર વ્હીલર ગાડી મળી કુલ પાંચ વાહનોમાંથી રૂા.૨૨,૨૭,૩૦૦ના વિદેશી દારૂ તથા બીયરના જથ્થા સાથે પાંચ વાહનો મળી કુલ રૂા. ૩૩,૪૧,૧૬૦ના મુદ્દામાલ સાથે પાંચેય ગાડીના ચાલકોની અટકાયત કરી હોવાનું સામે આવ્યું છે. આટલી મોટી માત્રામાં વિદેશી દારૂની હેરાફેરી કરતાં તત્વોને ગાંધીનગરની સ્ટેટ વીજીલન્સની ટીમે ઝડપી પાડતાં દેવગઢ બારીઆ નગર સહિત જિલ્લામાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો છે. ત્યારે બીજી તરફ સ્થાનીક પોલીસ તંત્રની કામગીરી ઉપર પણ અનેક સવારો ઉભા થવા પામ્યાં છે.

ગતરોજ ગાંધીનગરની સ્ટેટ વીજીલન્સની ટીમને મળેલ બાતમીના આધારે દેવગઢ બારીઆ નગરમાંથી પસાર થતાં ભે દરવાજા ખાતે વોચ ગોઠવી ઉભા હતાં તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ ચાર કુઝર ફોર વ્હીલર ગાડી અને એક સ્કોર્પીયો ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થઈ હતી અને નજીક આવતાંની સાથે જ પોલીસે પાંચેય ગાડીઓને ચારેય તરફથી ઘેરી લીધી હતાં. પોલીસે ગાડીઓમાં સવાર હીમરાજભાઈ પ્રેમસંગભાઈ પરમાર (રહે. માતવા), જોરસીંગભાઈ વેસ્તાભાઈ મીનામા, યાસીન પઠાણ, (રહે માતવા), સનુભાઈ (માતવા), બાબુ ચોટલી વિગેરેની પોલીસે અટકાયત કરી લીધી હતી. પોલીસે પાંચેય વાહનોની તલાસી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. ગાડીમાંથી વિપુલ પ્રમાણમાં વિદેશી દારૂ અને બીયરની પેટીઓ મળી આવી હતી જેમાં કુલ પેટીઓ નંગ. ૫૯૯ જેમાં કુલ બોટલો નંગ. ૧૮૨૭૪ કુલ રૂા. ૨૨,૨૭,૩૦૦ના પ્રોહી જથ્થા સાથે પાંચેય વાહનો તેમજ ઝડપાયેલ ચાલકોની અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા ૧૦,૮૬૦ મળી કુલ રૂા. ૩૩,૪૧,૧૬૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ગાંધીનગરની સ્ટેટ વીજીલન્સની ટીમના દરોડોને પગલે દેવગઢ બારીઆ તાલુકા સહિત જિલ્લામાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો છે. બીજી તરફ ગાંધીનગરની ટીમે દેવગઢ બારીઆ નગરમાં વિદેશી દારૂની હેરાફેરી કરતાં તત્વો પર સપાટો બોલાવતાં સ્થાનીક પોલીસ તેમજ એલ.સી.બી. પોલીસની કામગીરી ઉપર પણ અનેક સવાલો ઉભા થવા પામ્યાં છે.

# દિવાળી સમયે પણ આરોગ્ય કર્મીઓની પ્રશંસનીય કામગીરી, જિલ્લામાં ૧,૨૬,૦૧૨ લોકોએ વેક્સિન લીધી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં દિવાળીના સપરમા તહેવારોમાં પણ આરોગ્યકર્મીઓ દ્વારા વેક્સિનેશનની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. ગત તા. ૧ નવેમ્બર થી તા. ૯ નવેમ્બર સુધી એટલે કે વાઘ બારસથી લઈને લાભ પાંચમ સુધીના તહેવારોમાં ૧,૨૬,૦૧૨ લોકોએ વેક્સિન લીધી હતી. નૂતન વર્ષના દિવસને બાદ કરતાં તમામ દિવસોમાં વેક્સિનેશનની કામગીરી કરવામાં આવી હતી.

દિવાળીના તહેવારોમાં મોટા ભાગે રોજગારી માટે બહાર જતા શ્રમિકો વતન પરત આવતા હોય તેમને વેક્સિન આપવા માટેનું સુચારૂ આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું. વાઘબારસથી શરૂ થતાં તહેવારોમાં કરવામાં આવેલી રસીકરણની કામગીરી જોઈએ તો તા. ૧ નવેમ્બરે ૨૭૩, ૨ નવેમ્બર એટલે કે ધનતેરસના દિવસે ૧૫૯૧૯, ૩ નવેમ્બરે ૧૩૭૪૩ લોકોએ વેક્સિન લીધી હતી. દિવાળીના દિવસે પણ ૯૪૬ લોકોએ વેક્સિન લીધી. ત્યાર બાદ નવા વર્ષના દિવસને બાદ કરતા તા. ૬ નવેમ્બરે ભાઈબીજના દિવસે ૪૩૫૯ લોકોએ વેક્સિન લીધી હતી. જયારે તા. ૭ નવેમ્બરે ૨૮, તા. ૮ નવેમ્બરે ૫૩૮૯૭ અને તા. ૯ નવેમ્બરને લાભપાંચમના દિવસે ૩૬૮૪૭ લોકોએ વેક્સિન લીધી હતી.

છેલ્લા નવ દિવસમાં ૧૨૬૦૧૨ લોકોએ વેક્સિન લીધી હતી. જેમાં ૩૮૦ લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૧,૨૫,૬૩૨ લોકોએ વેક્સિનનો બીજો ડોઝ લીધો હતો. જિલ્લામાં વેક્સિનનો પ્રથમ ડોઝ લેનારની કુલ સંખ્યા ૧૪,૯૯,૫૪૫ થઈ છે, જયારે બીજો ડોઝ લેનારા નાગરિકોની સંખ્યા ૭,૭૭,૨૩૨ થઇ છે. ટકાવારી પ્રમાણે જોઈએ તો જિલ્લામાં ૯૭.૫૨ ટકા લોકોને પ્રથમ ડોઝ અને ૯૪.૨૯ ટકા લોકોને વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

# દાહોદ પાલિકામાં વર્ષ ૨૦૧૯માં થયેલ ઠરાવને રદ કરવા પ્રાદેશિક કમિશ્નર કોર્ટમાં અપીલ

દાહોદ,

દાહોદ નગર પાલિકામાં ૨૦૧૯ના વર્ષમાં પાલિકા પ્રમુખ અને પાલિકા ચીફ ઓફિસર દ્વારા અંગત સ્વાર્થ અને લાભ માટે સંસ્થા અને જાહેર જનતાને નુકશાન થાય તેવા ઠરાવ કરી મળતીયા ઈસમની કંપનીને આપેલ વર્ક ઓર્ડર રદ કરવા પ્રાદેશિક કમિશ્નર વડોદરાની કોર્ટમાં અપીલ કરવામાં આવી.

દાહોદ નગર પાલિકામાં ૨૦૧૯ના વર્ષમાં પાલિકાના તત્કાલીન પ્રમુખ અને પાલિકા ચીફ ઓફિસરના સાશનકાળ દરમિયાન બન્નેના મેળાપીપણામાં તા.૧૩/૧૧/૨૦૧૯ના રોજ ઠરાવ નં.૯૪/૧ કરવામાં આવ્યો હતો. આ ઠરાવથી પોતાના સ્વાર્થ અને લાભ માટે પાલિકા સંસ્થા તેમજ નગરજનોને નુકશાન થાય તેવા ઠરાવ કર્યો હતો અને પોતાના મળતીયા ઈસમની કંપનીને વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. તે ઠરાવ રદ કરવા માટે અનિલસિંહ કાળુસિંહ જાદવ અને ભાવેશ અશ્વિનભાઈ રાઠોડ દ્વારા પ્રાદેશિક કમિશ્નર નગર પાલિકાઓ વડોદરા કોર્ટમાં દાહોદ પાલિકામાં થયેલ ઠરાવ નં૯૪/૧ને ગુજરાત નગર પાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૫૮/૧ હેઠળ અપીલ કરવામાં આવી છે.

# ૭ દેશોના NSA મોદીને મળશે

નવી દિલ્હી,

અફઘાનિસ્તાનમાં પરિસ્થિતિ અત્યંત જટિલ છે. આવી સ્થિતિમાં, એવું માનવામાં આવે છે કે ભારતની પહેલથી પરસ્પર તાલમેલ વધારવા, અફઘાનિસ્તાનમાં ચાલી રહેલા વિકાસ, માહિતી વિશે સીધી અને સચોટ માહિતી મળી શકે છે. આતંકવાદ જેવી પરિસ્થિતિઓને રોકવા અને વૈશ્વિક સ્તરે પહેલ કરવા માટે નવા શાથી દેશો મળી શકશે. અફઘાનિસ્તાનમાં શાંતિ, સુરક્ષા, તેના લોકોના માનવ અધિકાર, માનવતાવાદી સહાયતા પર ભાર મૂકવા બાબતે ચર્ચા થશે. આમ કરવાથી ભારત અફઘાનિસ્તાનમાં અને તેના દ્વારા આપણાં હિતોની રક્ષા માટે રોડ-મેપ બનાવી શકશે ૧૦ અને ૧૧ નવેમ્બરે દિલ્હીમાં ૭ દેશોના NSAs' ની બેઠક મળશે. આ બેઠક અફઘાનિસ્તાન મુદ્દા પર ભારતે બોલાવી છે. જો કે, પાકિસ્તાને આ બેઠકમાં હાજરી આપવાનો ઈનકાર કરી દીધો છે. તાલિબાને થોડા મહીના પહેલા જ અફઘાનિસ્તાનમાં સત્તા સંભાળી હતી. સત્તા પરિવર્તન બાદ ભારત અફઘાનિસ્તાનમાં રાજદ્વારી રીતે નબળું પડી ગયું છે. આવી સ્થિતિમાં આ બેઠકને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. અફઘાનિસ્તાનમાં બદલાયેલી સ્થિતિ બાદ અફઘાનિસ્તાનના પડોશી દેશોની સુરક્ષા સાથે જોડાયેલી ચિંતાઓને કારણે ભારતે આ બેઠકની પહેલ કરી છે. આ બેઠકમાં તમામ પ્રાદેશિક હોદ્દેદારો અને મહત્વની સત્તાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ બેઠકમાં અફઘાનિસ્તાનની વર્તમાન સ્થિતિ અને ભવિષ્ય અંગે ચર્ચા કરવામાં આવશે. ભારતમી નેશનલ સિક્યોરિટી કાઉન્સીલ સેક્રેટ્રિએટ આ વ્યક્તિગત બેઠકનું આયોજન કરી રહ્યું છે. આ બેઠકમાં ભાગ લેવા માટે અફઘાનિસ્તાનના તમામ પડોશી દેશોને આમંત્રણ મોકલવામાં આવ્યું છે. આમાં પાકિસ્તાન, ઈરાન, તઝાકિસ્તાન અને ઉઝબેકિસ્તાન ઉપરાંત રશિયા અને ચીન પણ સામેલ છે. નહીં, આવું નથી થઈ રહ્યું. પાકિસ્તાને નેશનલ સિક્યોરિટીએડવાઈઝર મોઈદ યુસુફે ગયા સપ્તાહે જ કહ્યું હતું કે તેઓ આ બેઠકમાં સામેલ નહીં થાય. પાકિસ્તનનો દાવો છે કે અફઘાનિસ્તાનમાં ભારતે નકારાત્મક ભૂમિકા ભજવી છે. આનો વિરોધ કરતાં તેઓ આ બેઠકમાં ભાગ લેશે નહીં. પ્રેસ કોન્ફરન્સમાં યુસુફે કહ્યું કે હું નથી જઈ રહ્યો, કારણ કે સ્થિતિને બગાડનાર ક્યારેય શાંતિદૂત ન બની શકે. આ વિસ્તારની સમસ્યાઓ સૌની સામે છે. તેમના વિશે વાત કરવાની જરૂર નથી. યુસુફે કહ્યું કે જો અફઘાનિસ્તાનમાં શાંતિ સ્થાપિત થશે તો તે એક મોટુ બજાર બની શકે છે. સરકારના નજીકના સૂત્રોનું કહેવું છે કે પાકિસ્તાનનો ઈનકાર અફઘાનિસ્તાન વિશે તેની માનસિકતા દર્શાવે છે. જ્યાં, તેણે વિનાશક ભૂમિકા ભજવી છે. પાકિસ્તાન પહેલા પણ આ પ્રકારની બેઠકમાં ભાગ લીધો ન હતો. મધ્ય એશિયાના પાંચ દેશો તેમજ રશિયા અને ઈરાન પણ આ બેઠકમાં ભાગ લેવા માટે સંમત થયા છે. આ પહેલીવાર છે જ્યારે મધ્ય એશિયાના તમામ દેશોને આવા ફોર્મેટમાં સામેલ કરવામાં આવી રહ્યા છે. કુલ એકસાથે ૭ દેશો આ બેઠકમાં ભાગ લેવા માટે સંમત થયા છે. તેમાં ઈરાન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, રશિયા, તઝાકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાનનો સમાવેશ થાય છે.

## ગાંધીનગરના સેનેટરી સબ ઈન્સ્પેક્ટર પર ઘાતકી હુમલા

ગાંધીનગર,

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સેનેટરી સબ ઈન્સ્પેક્ટર તરીકે વિપુલ બાબુભાઈ રાઠોડ ફરજ બજાવે છે. ગઈકાલે મંગળવારે તેઓ સેક્ટર - ૩૦ ની ડંપિંગ સાઈટ ખાતે ફરજ પર હાજર હતા. તે વખતે પાંચેક વાગ્યાના અરસામાં ગર્જેદ્રસિંહ ભગવાનભાઈ પરમાર નામનો કર્મચારી આવ્યો હતો. જે ઓફિસના કર્મચારી ભેમાભાઈ ખરાડી સાથે નોકરી બાબતે વાત કરી રહ્યો હતો. આથી ભેમાભાઈએ રેગ્યુલર નોકરી પર નહીં આવવા બાબતે ગર્જેદ્રસિંહને ઠપકો આપ્યો હતો. આ દરમિયાન આરોપી એકદમ ઉગ્ર સ્વભાવે વાતચીત કરવા લાગ્યો હતો અને સેનેટરી સબ ઈન્સ્પેકટર વિપુલભાઈનાં ભાઈ મહેશભાઈ કે જેઓ પણ અહીં જ ફરજ બજાવે છે તેમને જેમતેમ બોલવા લાગ્યો હતો. જેથી કરીને વિપુલભાઈએ તેમ બોલવાની ના પાડી હતી. આ દરમિયાન ગર્જેદ્રસિંહ વધુ ઉગ્ર થઈને જાતિ વિષયક અપશબ્દો બોલી કહેવા લાગેલો કે તમે નીચી જાતિનાં થઈને સાહેબો થઈ ગયા છો. તમે કહો એમ અમારે કરવાનું કહી બિભત્સ અપશબ્દો બોલી લાકડાં વડે માર મારવા લાગ્યો હતો. જેની સાથે આવેલો તેનો મિત્ર પણ વિપુલભાઈને માર મારવા લાગ્યો હતો. આટલેથી નહીં અટકી ગર્જેદ્રસિંહે તેના ભાઈ વિજયસિંહને ફોન કરીને બોલાવી લીધો હતો. તે પણ તેના બે મિત્રો સાથે ડંપિંગ સાઈટની ઓફિસે આવી ચડયો હતો. બાદમાં વિજયસિંહ પણ વિપુલભાઈ પર લાકડા વડે તૂટી પડ્યો હતો અને ગર્જેદ્રસિંહે માથામાં પાઈપ ફટકારી હતી. ત્યારે અન્ય લોકો વચ્ચે પડ્યા હતા. કર્મચારીએ સેનેટરી સબ ઈન્સ્પેક્ટરને માર મારતા તેઓને ગંભીર હાલતમાં તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતા.

# દે.બારીયા તાલુકાની મેલેરીયા ખાતાના કર્મીઓ ઔપચારીકતા પુરી કરતા દેખવા મળે છે

દે.બારીયા,

દે.બારીયા તાલુકા મેલેરીયા ડીપાર્ટમેન્ટના કર્મીઓ આજે છઠ્ઠુ પર્વના દિવસે પણ પોતાની ફરજ પ્રત્યે સક્રિય જોવાતા મળ્યા હતા પરંતુ એક બોટલમાં પોરાનાશક દવા તથા બીજી એક બોટલમાં મચ્છર નાશ થાય તેવી દવા લઈને લગભગ છ થી સાત કર્મીઓ કસ્બાના કાદરી ફળીયામાં ડેન્ગ્યુ તથા એડીસ મચ્છર નાશ કરવાની કામગીરી કરી રહ્યા જોવા મળ્યા છે પરંતુ એક જ ફળીયું આવરી લઈ બધા એક જગ્યામાં બેસી રજીસ્ટરમાં કશું નોંધી રહ્યા હતા શું ? દસ-પંદર ઘરોમાં દવાનું કાર્ય કરી આખા વિસ્તાર તો કાર્ય પૂર્ણ બતાવી દેવામાં તો નથી આવ્યું ને તેવો ઉપસ્થિત થાય છે.

મળતી માહિતી અનુસાર દે.બારીયા પંથકમાં ચીકનગુનીયા તથા ડેન્ગ્યુના કેસોમાં કોઈ ફરક જોવા મળ્યો નથી. ખાનગી હોસ્પિટલમાં દર્દીઓ જવા લાગ્યા છે. કેમ કે, કોરોના કાળથી કોરોના ટેસ્ટ કરવાની દરેકને ફરજ પડાતી હતી. તેથી દર્દીઓ છંછેડાઈ ગયા છે. આમ, પણ સરકારી હોસ્પિટલોમાં જેવી સારવાર મળવી જોઈએ તેવી સારવાર ગરીબ દર્દીઓને વંચિત રાખવામાં આવે છે. જે પ્રમાણે વોર્ડમાં સાફ સફાઈ રહેવી જોઈએ. તેવી સ્વચ્છતામાં કમી દેખવા મળે છે. ઓશીકા, ચાદરો બદલાતી નથી. તેવું ગરીબ દર્દીઓનું કહેવું છે.

જે મુજબ ૧૯૮૦ની સાલમાં સ્પ્રે થી મેલેરીયાની દવાનું છંટકાવ થતો હતો તે દવાનું છંટકાઉ તાલુકામાં કયાંય કરવામાં આવતો નથી શું ? તે છંટકાઉ કરવાની દવા બંધ કરી દેવાય છે કે શું ? તે પંપીગવાળી દવાનું ફરી બહાલ કેમ કરવામાં આવતી નથી. તે દવા તાલુકાના ગામડે ગામડે છાંટવામાં આવતી હતી. તે પણ વર્ષમાં ત્રણ થી ચાર રાઉન્ડમાં નગર પાલિકાના દ્વારા ફોંગીગ મશીન થી સંધ્યા કાળે અને રાત્રીમાં મચ્છરના બહાર આવતા સમયે ફોગીંગ કેમ બંધ કરાયું છે. તેને પણ ફરી ચાલુ કરીને મેલેરીયાને નાબુદ કરવાનો એક યોગ્ય ઉપાય છે.

## સંજેલી સંતરામપુર રોડ પર માહી મોબાઈલની દુકાન માંથી ચોરી કરનાર બે ની ઘરપકડ



સંજેલી,

સંજેલી નગરમાં સંતરામપુર રોડ પર આવેલી માહી મોબાઈલ શોપમાંથી મોબાઇલની ચોરી કરનાર ૨ ઝબ્બે. પોલીસે ગણતરીના દિવસો ચોરી ભેદ ઉકેલી તસ્કરોને જેલ હવાલે ધકેલી કાર્યવાહી આદરી, નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ. બરાડા તથા દાહોદ જિલ્લાના પોલીસ અધિક્ષક હિતેશ જોયસરની સૂચના અનુસાર ડિવાયએસપી બી.વી જાદવ સહિતના સ્ટાફે તપાસ બાદ સંજયભાઈ દિનેશભાઈ પલાસ ઉંમર વર્ષ ૨૧ રહે. ડુંગરા નિશાળ ફળિયું તથા વિજયભાઈ છગનભાઈ ખાંટ ઉંમર વર્ષ ૨૮ રહે. ડુંગરા નિશાળ ફળિયા થી ઝડપી તેમની પાસેથી જુદા જુદા કંપનીના મોબાઈલો કુલ નંગ ૧૨ મળી કુલ કિંમત રૂપિયા ૭૯,૫૦૦/-ના કિંમતના મોબાઈલ જપ્ત કર્યા. આ ટોળકીના અન્ય લોકોની પણ સંડોવણી અંગે જાણવા ત્રણ દિવસ રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ પૂર્ણ થતાં બંનેને જ્યુડિશિયલ કસ્ટડીમાં ખસેડી દેવાયા હતા.

## ગરબાડાના પાંદડી ગામે ઝગડાની અદાવત રાખી ચાર ઈસમો તીર કામઠા સાથે મારામારી કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના પાંદડી ગામે અગાઉના ઝઘડાની અદાવત રાખી ચાર જેટલા ઈસમોએ પોતાની સાથે તીરકામઠાં તેમજ લોખંડની પાઇપ સાથે ધસી આવી બે વ્યક્તિઓને હાથે - પગે તેમ જ માથાના ભાગે માર મારી લોહી લુહાણ કરી ભારે હંગામો મચાવતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ગરબાડા તાલુકાના પાંદડી ગામે માળી ફળિયામાં ગત તારીખ ૭મી નવેમ્બરના રોજ ગામમાંજ રહેતા માલુભાઈ કેશીયાભાઈ ડામોર તથા તેમના પરિવારજનો પોતાના ઘરે હાજર હતા. તે સમયે તેમના ગામમાં રહેતા ગોરસિંગભાઈ બચુભાઈ ડામોર, કડુભાઈ બચુભાઈ ડામોર, મડીયાભાઈ બચુભાઈ ડામોર અને કાળીયાભાઈ ડામોર માલુભાઈના ઘરે તીર કામઠા તેમજ લોખંડની પાઈપ લઈ આવ્યા હતા ચારે જણા દ્વારા બેફામ ગાળો બોલી, તમે અમારી સાથે ગાય ગોહરીના મેળામાં કેમ બોલાચાલી કરી હતી તેમ કહી એકદમ ઉશ્કેરાઇ જઇ પોતાની સાથે લાવેલ તીર કામઠા વડે તેમજ લોખંડની પાઇપ વડે કેશીયાભાઈને તીર કામઠામાંથી તીર મારી જમણા હશે લોહીલુહાણ કરી નાખ્યા હતા. જયારે મહેશભાઈને માથાના ભાગે લોખંડની પાઈપ મારી તેમજ ગડદાપાટુનો મારમારી બેફામ ગાળો બોલી મારી નાખવાની ધમકી આપી ઉપરોક્ત ચારેય જણા નાસી ગયા હતા.

આ સંબંધે માલુભાઈ કેશીયાભાઈ ડામોરે જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયાના ફુલપુરા ગામે ચાર ઈસમોએ બાઈક રોકી ગાળો આપી મારમાર્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના ફુલપુરા ગામે કોઈક કારણોસર ચાર ઈસમોએ બે જણાને મોટરસાયકલ સાથે રસ્તામાં રોકી બેફામ ગાળો બોલી લાકડી વડે તેમજ પથ્થર વડે મારમારી શરીરે ઈજાઓ પહોંચતાં પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

દેવગઢ બારિયા તાલુકાના ફુલપુરા ગામે ડાંગરિયા ફળિયામાં રહેતા પ્રમોદભાઈ તથા પંકજભાઈ મોટરસાયકલ લઈ ફુલપુરા ગામેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે તેમના ગામમાં રહેતા જેસીંગભાઈ મથુરભાઈ પટેલ,જશવંતભાઈ વજેસિંગભાઈ પટેલ, બચુભાઈ મથુરભાઈ પટેલ અને પ્રવીણભાઈ પટેલ ના હોય પ્રમોદભાઈ તથા પંકજભાઈને રસ્તામાં રોક્યા હતા અને બેફામ ગાળો બોલી કોઈ કારણોસર તેની સાથે ઝઘડો તકરાર કરતા હતા આ દરમિયાન દિલીપભાઈ તથા ભોપતભાઈ ત્યાં આવી પહોંચ્યા હતા અને ઉપરોક્ત ચાર જણાને ગાળો બોલવાની ના પાડતાં ચારે જણા એકદમ ઉશ્કેરાયા હતા અને પ્રવીણભાઈ, નરવતભાઈ તથા દિલીપભાઈને છુટા પથ્થરો તેમજ લાકડી વડે માર મારી ઈજા પહોંચાડી ભારે ધીંગાણું મચાવતા આ સંબંધે ફુલપુરા ગામે ડાંગરિયા ફળિયામાં રહેતા નિર્મળાબેન દિલીપભાઈ પટેલ દ્વારા દેવગઢ બારીયા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરા ગામની પરણિતાને પતિ અને સાસરીયા દ્વારા ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા ગામે રહેતી એક ૨૫ વર્ષની પરિણીતાને છેલ્લા બે વર્ષથી પતિ તથા સાસરિયાઓ દ્વારા શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતા આ સંબંધે પિયરમાં પહોંચ્યો પરિણીતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર ગામે રહેતી અને ફતેપુરા ગામે દિવ્યાંગકુમાર રમેશભાઈ પ્રજાપતિ સાથે સમાજના રિવાજ પ્રમાણે લગ્ન કરેલ રીંકુબેન દિવ્યાંગકુમાર પ્રજાપતિને છેલ્લા બે વર્ષથી અતિ દિવ્યાંગકુમાર તેમજ સાસરી પક્ષના રમેશભાઈ નવલાભાઈ પ્રજાપતિ અને ઉષાબેન રમેશભાઈ પ્રજાપતિ દ્વારા ખોટા શક વહેમ રાખી રીંકુબેનને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી મારઝૂડ કરતા હતા અને અમને ગમતી નથી, તેમ કહી પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મૂકતા રીંકુબેન લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર ગામે પોતાના પિયરમાં આવી પહોંચી હતી અને જ્યાં લીમખેડા પોલીસ મથકે પરિણીતા રીંકુબેન દિવ્યાંગકુમાર પ્રજાપતિ દ્વારા પોતાના પતિ તથા સાસરિયાઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા રેલ્વે પોલીસ દ્વારા અલગ-અલગ સ્થળે રેલ્વે હદમાં મરણ ગયેલ અજાણ્યા વ્યક્તિ માટે મોતનો ગુનો નોંધ્યો

ગોધરા,

ગોધરા-વડોદરા રેલ્વે લાઈન ઉપર ૭ નવેમ્બર ૨૦૨૧ના રોજ ડેરોલ-બાકરોલ રેલ્વે લાઈન ઉપર અજાણ્યો ઈસમ ટ્રેનની અડફેટમાં આવી જતાં મોત નિપજાવા પામ્યું છે.

આ બાબતે રેલ્વે પોલીસ મથકમાં અ.મોતનો ગુનો નોંધાવા પામ્યો છે. અજાણ્યો મરણ જનાર વ્યકિતએ કાળા કલરનું જીન્સ પેન્ટ અને વાદળી કલરનો શર્ટ પહેરલ છે. મજબુત બાંધાના ઈસમને ઓળખ થવા પામી નથી.

જયારે ગોધરા રેલ્વે સ્ટેશન પ્લેટ ફોર્મ નંબર-૧ ઉપર ગાર્ડ ડ્રાઈવર લાંબા પાસે અજાણ્યો વ્યકિત બિમાર હાલતમાં મળી આવ્યો હતો. રેલ્વે પોલીસ દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતા. જયાં સારવાર દરમિયાન મોત નિપજાતા આ બાબતે રેલ્વે પોલીસ મથકે અ.મોતનો ગુનો નોંધાવા પામ્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No. 67

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા પાલિકાના LED સ્ટ્રીટ લાઈટનો કરાર ધરાવતી એપીક એનર્જીને

# શહેર સ્ટ્રીટ લાઈટ મેઈન્ટેનન્સ બંધ કરવા બાબતે કરાર રદ કરવા અને ફોજદારી કાર્યવાહી કરવા લેખિતમાં સુચન કરાયું

- પાલિકા વિસ્તારમાં LED સ્ટ્રીટ લાઈટ મેઈન્ટેનન્સની કામગીરી લેબર કોન્ટ્રાક્ટરને કંપની દ્વારા અપાઈ.
- મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટર દ્વારા મેઈન્ટેનન્સ કામગીરી બંધ કરી શહેરને બાનમાં લીધું.

ગોધરા,

ગોધરા નગર પાલિકા દ્વારા શહેરની સ્ટ્રીટ લાઈટ માટે એલ.ઈ.ડી. લાઈટ અને મેન્ટેનન્સની કામગીરી એપીક એનર્જી લી.કંપની દ્વારા કરવામાં આવેલ હતો અને એપી કંપની દ્વારા એલ.ઈ.ડી.લાઈટ અને મેઈન્ટેનન્સની લેબર કોન્ટ્રાકટ આપેલ છે. હાલ ગોધરા પાલિકા વિસ્તારમાં મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટર દ્વારા મેઈન્ટેનન્સ બંધ કરવામાં આવ્યું હોય તેમજ ફરિયાદ નંબર તેમજ કર્મચારી અને અમદાવાદ થી સંચાલન સંચાલકના નંબર બંધ આવતો હોય ત્યારે આવશ્યક સેવા રૂકાવટ માટે ફોજદારી કાર્યવાહી કરવા માટે ગોધરા પાલિકા દ્વારા એપીક એનર્જી કંપનીને લેખિત રજુઆત કરાઈ.

ગોધરા નગર પાલિકા દ્વારા કરાર મુજબ શહેરની સ્ટ્રીટ લાઈટ માટેના એલ.ઈ.ડી. લાઈટ અંગેની કામગીરી એપીક એનર્જી લી.કંપની દ્વારા કરવામાં આવ્યો હતો અને સ્ટ્રીટ લાઈટના એલ.ઈ.ડી. લાઈટ અને મેઈન્ટેનન્સની કામગીરી લેબર કોન્ટ્રાકટ આપેલ છે. ગોધરા પાલિકા વિસ્તારમાં મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટર દ્વારા એલ.ઈ.ડી. લાઈટોનું મેઈન્ટેનન્સ બંધ કરવામાં આવ્યું છે અને ફરિયાદ મોબાઈલ નંબર તેમજ ગોધરાની કામગીરી સંભાળતા કર્મચારી તેમજ અમદાવાદ થી સંચાલન કરતા જીગર ભટ્ટના મોબાઈલ ફોન પણ બંધ છે. ગોધરા પાલિકામાં સ્ટ્રીટ લાઈટ એલ.ઈ.ડી. લાઈટનું મેન્ટેનન્સ કરતી એજન્સી દ્વારા પાલિકા વિભાગને જાણ કર્યા વગર ટેકનીકલ સ્ટાફ દ્વારા સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ આવશ્યક સેવાઓ પૈકીની સેવાઓ બંધ કરેલ છે. તેવું દયાનમાં આવેલ છે અને એલ.ઈ.ડી. લાઈટના મેઈન્ટેનન્સન કોન્ટ્રાકટર દ્વારા મેઈન્ટેનન્સ કામગીરી બંધ કરીને શહેરને સ્ટ્રીટ લાઈટ માટે બાનમાં લીધેલ છે. આવશ્યક સેવા બંધ રાખી શકાય નહી. તેમ છતાં છેલ્લા કેટલાક દિવસો થી શહેરને અંધારામાં ઉલેચવા પડી રહ્યા છે. ત્યારે ગોધરા નગર પાલિકા દ્વારા પાલિકામાં સ્ટ્રીટ લાઈટના એલ.ઈ.ડી. લાઈટના કરાર કરનાર એપીક એનર્જી કંપનીને પત્ર લખીને ગોધરા પાલિકાની સ્ટ્રીટ લાઈટની ફરિયાદ નિવારણની કાર્યવાહી કરવામાં આવે નહી તો એપીક એનર્જી લી.કંપની સામે આવશ્યક સેવા રૂકાવટ માટે ફોજદારી અને કરાર મુજબ કાર્યવાહી નહી કરવા માટે કરાર રદ કરી દિવાળી કાર્યવાહી કરવાની લેખિતમાં સુચન કરવામાં આવ્યું.

> ગોધરા પાલિકા દ્વારા એપીક એનર્જી લી.કંપનીને ઓગસ્ટ ૨૦૨૧ માસના બીલ ચુકવણું કરવામાં આવ્યું છે અને સપ્ટેમ્બર માસના બીલના ચુકવણ માટે પ્રક્રિયા ચાલુ છે. એપીક એનર્જી લી.કંપની દ્વારા એનર્જી સેવીંગ પેટે આપેલ બીલનું સામાન્ય સભામાં ઠરાવ કરીને પાલિકામાં વિવિધ યોજના માટે વપરાતો વીજ પુરવઠા માટે એનર્જી ઓડીટ કરવાનું છે. એજન્સી દ્વારા કરાર મુજબ વીજ બચત થાય કે કેમ એનર્જી ઓડીટ એજન્સી દ્વારા ઓડીટ થયા બાદ નક્કી થઈ શકે છે. સાથે કરાર અંગે થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન તેમજ યોજના કન્સલસ્ટન્ટ (ઉર્જા નિયોજન) પુનાના અભિપ્રાય બાદ બીલોની કરવામાં આવશે તેવું પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર દ્વારા એપીક એનર્જી કંપનીને લેખિત પત્ર વ્યવહાર કરવામાં આવ્યો.

## શહેરામાં બિનખેડુતોએ ખેતીની જમીન હોય તેવા બોગસ ખેડુતોની તપાસ જરૂરી

શહેરા,

શહેરામાં જમીનોના ભાવ આસમાને પહોંચતા અમુક બિનખેડૂત હોવા છતાં ખેતીની જમીન વસાવી હોવાની ચર્ચાઇ રહયુ છે. ત્યારે પ્રાંત અધિકારી દ્વારા આ બાબતે ઊંડાણપૂર્વક તપાસ કરીને બિન ખેડૂત હોવા છતાં ખેતીની જમીન વસાવી હોય તેવા બોગસ ખેડૂતોને શોધી કાઢીને કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી હતી.

શહેરા નગર અને તાલુકામાં વધતી જતી મોંઘવારી વચ્ચે જમીનોના ભાવ પણ હવે લાખ્ખો અને કરોડો રૂપિયામાં બોલાઈ રહયા છે. તાલુકાના વિસ્તારમાં ઘણા બધા લોકો ખેતી લાયક જગ્યા વધુ ખરીદી કરતા જોવા મળી રહયા હતા. નગર અને તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં અમુક બિન ખેડૂત હોવા છતાં ખેતીની જમીન ખેડૂત બનીને વસાવી હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. ત્યારે પ્રાંત અધિકારી સહિત અન્ય સંબંધિત તંત્ર દ્વારા ખેતીની જમીન વસાવી હોય તેવા બોગસ ખેડૂતોને શોધી કાઢીને દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી હતી. હાલની પરિસ્થિતિમાં અનેક લોકો ખેતીની જમીન ખરીદી કરવાનું વધુ પસંદ કરતા હોય ત્યારે સ્થાનિક અને જિલ્લાના પ્રશાસન દ્વારા ઉપરોક્ત બાબતને ગંભીરતાથી લેવામાં આવે તે પણ જરૂરી બન્યુ છે. જે રીતે બિનખેડૂત એ ખેતીની જમીન વસાવી હોય ભલે હાલ ચર્ચાનો મુદ્દો લોકોમાં બન્યો હોય પણ જો સંબંધિત તંત્ર આ બાબતે ઊંડાણપૂર્વક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવેતો અમુક બોગસ ખેડૂતોના નામ બહાર આવે તેવી શક્યતા જોવા મળી રહી છે.

## શહેરામાં લાભ પાંચમે નવા વાહનોની ખરીદી કરાઈ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરામાં નવા વર્ષની ઉજવણી તાલુકાવાસીઓએ ધામધૂમપૂર્વક કરી હતી. જ્યારે લાભ પાંચમના દિવસે ખુશ ખુશાલ થઈને લોકોએ નવા વાહનોની ખરીદી કરી હતી.

શહેરામા નવા વર્ષની ઉજવણી તાલુકાવાસીઓ ધામધૂમપર્વક કરી હતી.જ્યારે લાભ પાંચમના દિવસે કોઈ પણ વસ્તુ ખરીદી કરવા માટે શુભ હોય છે. ત્યારે તાલુકા મથક ખાતે આવેલ ગુરૂકૃપા સહિતના ફોર વ્હીલર અને ટુ વ્હીલર વાહનોના શો રૂમ માં નવા વાહનોની ખરીદી કરતા લોકો જોવા મળી રહ્યા હતા.ભલે નવા વાહનોના ભાવ મા ઘરખમ વધારો થયો હોવા છતાં લોકો એ પોતાના શોખ પૂરા કરવા મોઘવારી ને બાજુમાં મૂકીને નવા વાહનો ની ખરીદી કરી હતી. જ્યારે ગત વર્ષ કરતા આ વખતે દિવાળી પર્વમાં વાહનોના શોરૂ મા વેચાણ વધતા વેપારીઓના ચહેરા પર રોનક જોવા મળી રહી હતી.

## ૧૬ મી નવેમ્બરના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ગોધરા ખાતેના સ્નેહ મિલન કાર્યક્રમમાં હાજરી આપશે



ગોધરા,

આવનાર ૧૬ મી નવેમ્બરના રોજ ગોધરાના મહેંદી બંગલો ખાતેના મેદાનમાં ભારતીય જનતા પાર્ટીના સ્નેહ મિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રભારી મંત્રી સહિત અનેક અગ્રણી નેતાઓ હાજરી આપશે. આ કાર્યક્રમમાં સમગ્ર જિલ્લાના મુખ્ય હોદ્દેદારો તેમજ મંડળ, મોરચા, સેલના હોદ્દેદારો અને ભાજપના કાર્યકરો હાજરી આપનાર છે. આવનાર ૧૬ મી નવેમ્બરના સ્નેહ મિલન કાર્યક્રમના આયોજન અને જ્યારે રાજયના મુખ્યમંત્રી પધારનાર હોઈ સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક પરિપૂર્ણ થાય તે હેતુ તૈયારીના ભાગ સ્વરૂપ જિલ્લાના હોદ્દેદારો, મંડળ, મોરચા, સેલના હોદ્દેદારોની એક બેઠક ગોધરાના ગદુકપુર ખાતે આવેલ ભાજપના મુખ્ય કાર્યાલય શ્રી કમલમ ખાતે યોજાઈ હતી. જેમાં પંચમહાલ જિલ્લા ભાજપ તેમજ મહામંત્રીઓ અને પાર્ટીના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## દિવાળીના તહેવારમાં પંચમહાલ ST વિભાગને ગત વર્ષ કરતાં ૧ કરોડ આવક વધારે થઈ

ગોધરા,

પેટ્રોલ ડીઝલનાં ભાવ વધવાને કારણે ટ્રાન્સપોર્ટેશન મોંઘું થઈ રહ્યું છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં પણ પ્રજા પ્રાઈવેટ વાહન ની સરખામણીમાં એસ.ટી. બસ સેવાનો ઉપયોગ વધારે કરી રહી છે. ત્યારે ખાસ કરીને પંચમહાલ જિલ્લામાં ઘણોખરો વર્ગ બહારગામ નોકરી ધંધા કરતા હોય દિવાળી પર્વની ઉજવણી કરવા પોતાના વતન પરત આવતા હોય છે. આવા સમયમાં પ્રાઈવેટ વાહન વ્યવહાર સંચાલકો દ્વારા ભાડામાં વધારો કરાયો હોવાથી GSRTCનું ભાડું યથાવત રાખી સુવિધા તથા રૂટમાં વધારો કરવાને કારણે પ્રજામાં એસ.ટી. બસમાં મુસાફરી કરવાની લોકપ્રિયતા જોવા મળી.

ત્યારે પંચમહાલ એસટી વિભાગ દ્વારા સુચારૂ આયોજન કરાયું હતું. જેના પરિણામે એસ.ટી.ની આવકમાં પણ વધારો જોવા મળ્યો.ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ૧ કરોડ રૂપિયા જેટલી વધારે આવક થઈ તેમજ આજદિન સુધી કુલ ૫ કરોડ ૩૪ લાખ રૂપિયાની આવક થઈ.

## વેજલપુર પોલીસ મથકના રાયોટીંગ પોલીસ ઉપર હુમલો અને પશુ અત્યાચારના બે વોન્ટેડ આરોપીને LCB પોલીસે ઝડપ્યા

ગોધરા,

કાલોલ તાલુકાના વેજલપુર પોલીસ મથકના રાયોટીંગ પોલીસ ઉપર હુમલા અને પશુ અત્યાચારના ૩ ગુનામાં વોન્ટેડ આરોપીઓ અંગે એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી. બાતમીના આધારે બે વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વેજલપુર પોલીસ મથકમાં ઈમરાન અબ્દુલ મજીદ પાડવા રહે. વેજલપુર, ધુસર રોડ, ફારૂક કાદીર જમાન ઉર્ફે ગુલઝાર રહે. નાના મહોલ્લા વેજલપુર સામે પોલીસ ઉપર હુમલો, રાયોટીંગ અને પુશ અત્યાચારના ત્રણ ગુના નોંધાયેલ હોય અને ત્રણ ગુનામાં બન્ને આરોપીઓ નાસતા ફરતા વોન્ટેડ હોય તેવા આરોપીઓ અંગે ગોધરા એલ.સી.બી.પોલીસને બાતમીના આધારે વેજલપુર ખાતેથી ઝડપી પાડવામાં આવ્યા. વેજલપુર પોલીસ મથકના ત્રણ ગુનાના વોન્ટેડ આરોપીઓને એલ.સી.બી.પોલીસ દ્વારા વેજલપુર પોલીસને સોંપવામાં આવ્યા.

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
સાગર હોસ્પિટલ (મધર હેલ્થ કેર)
ડૉ. ગીતાબેન એમ. પીસાગર (એમ.ડી. ગાયનેક)
પ્રસુતિ તથા સ્ત્રી રોગ નિષ્ણાંત
ફોન નં.૦૨૬૭૨-૨૫૩૧૦૬
પ્રભા રોડ, બી. વી. ગાંધી પંપ સામે, ગોધરા.

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
ઔદ્યોગિક તાલીમ સંસ્થા-અડાદરા
નોકરી/સ્વરોજગારીની શ્રેષ્ઠ વિકલ્પ – ITI તાલીમ
સંસ્થામાં ચાલતા રોજગાર-સ્વરોજગાર લક્ષી કોર્ષ : ફીટર, વાયરમેન, કોપા, સિવણ NCNT કોર્ષ.
ફોન નં. ૭૦૪૩૬ ૦૧૭૦૦ ૯૯૦૯૮ ૦૨૭૯૯ ૯૯૨૫૦ ૧૯૯૦૭
મુ.અડાદરા, તા.કાલોલ, જી.પંચમહાલ.

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
સંજીવની હોસ્પિટલ
ડો.સંજય મુખર્જી (એમ.એસ.)
લેપ્રોસ્કોપી અને જનરલ સર્જન
ફોન : ૦૨૬૭૬-૨૩૬૬૦૪, ૨૩૬૬૬૪
પંચમહાલ સ્ટિલ સામે, સ્ટેશન રોડ કાલોલ-૩૮૯૩૩૦ (પંચ)

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
જમાલી ગ્રેઈન શોપ
પ્રો.મિકાઈલ પુનાવાલા
મો-૯૪૨૬૫ ૧૪૧૦૭, ફોન- ૨૪૧૬૫૫(ઓ.)
ગોળ-અનાજ કરિયાણાના વેપારી
સ્ટેશન રોડ પોલીસ ચોકી-૬ની સામે, ગોધરા

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
શ્યામ સુંદર બ્રિકસ
બાબુભાઈ પટેલ
મો: ૯૮૨૫૩ ૧૬૪૦૯
મુ.પંડ્યાના મુવાડા, પો.મુડાવડેક, તા.ખાનપુર, જિ.મહિસાગર



Happy New Year
PARAS PETROOLEUM
Finest in Printing , Binding, Screen Printing & Offset Printing All Type Of Stationary Supplier
Ph: 02675 220399
Mo : 98250 46677/ 94273 99911
Mota Bazar , Santrampur

Happy New Year
Z.B Patel Hospital X-ray
Dr. M.R. Bhatia
M.B.B.S
Reg.No.G-1981
Santrod, Tal. Morva

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
જનની હોસ્પિટલ
ડો. કે. આર. ડામોર
સ્ત્રી રોગ નિષ્ણાંત (લેપ્રોસ્કોપી પેનલ સર્જન)
-: સુવિધાઓ :-
• પ્રસુતિની તપાસ અને સારવાર.
• સ્ત્રીરોગ તપાસ, સારવાર, ઓપરેશન.
• કુટુંબ નિયોજન ઓપરેશન.
• વંધ્યત્વ નિવારણ કેન્દ્ર.
• કેન્સર નિદાન અને સારવાર કેન્દ્ર.
• કસોનોગ્રાફી કેન્દ્ર.
ફોન : (હો)૨૪૪૩૬૨, (રે.)૨૨૧૬૫૨, મો : ૯૪૨૬૫ ૦૪૦૬૩
રેણુકા કોમ્પલેક્ષ , રેલ્વે ઓવરબ્રિજના છેડે, રામા હોટેલની બાજુમાં ઝાલોદ રોડ, દાહોદ.

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
ચૌહાણ સરતનભાઈ સબુરભાઈ
પ્રમુખ શ્રી-કોળી વિકાસ પરીષદ દાહોદ જિલ્લો
ચૌહાણ કન્સ્ટ્રકશન
મો : ૯૦૯૯૯ ૭૩૫૫૫ / ૮૪૬૯૯ ૭૩૫૫૫
sartanchauhan@gmail.com
વિજય હોટલ-વિજય કોમ્પલેક્ષ, લીમખેડા, જિ.દાહોદ નેશનલ હાઈવે ૫૯, લીમખેડા, જિ.દાહોદ

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
શુધ્ધ પેટ્રોલ-ડિઝલ અને ટુટી ઓઈલ, એન્જિન ઓઈલ, હિરોહોન્ડા ઓઈલ ૪-ટી પ્લસ ઓઈલ, તેમજ દરેક પ્રકારના ઓઈલ મેળવવાનુ શુભ સ્થળ
પારગી એન્ટરપ્રાઈઝ કોર્પોરેશન લિમીટીડ
રવિરાજ જી. પારગી
મો : ૯૯૨૫૦ ૧૩૯૬૦
ઝાલોદ રોડ, ફતેપુરા, જિ.દાહોદ

Happy New Year
Munda Motors
Yusuf G.Munda
Ph : 02673-242499
M: 94265 60063
96248 52288
Email : mundamotors1977@gmail.com
Nr. Simandhar Jain Mandir, Old Indore Highway, Dahod-389151( Gujrat)